Extra No. 120

REGISTERED NO. /GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. L] FRIDAY, JULY 31, 2009/SRAVANA 9, 1931

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than Those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જુલાઈ, ૨૦૦૯.

તારીખ : ૩૧મી જુલાઈ, ૨૦૦૯ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. એ. પરમાર,

સરકારના સંયુક્ત સચિવ.

# GUJARAT ACT NO. 15 OF 2009.

## THE CHILDREN'S UNIVERSITY ACT, 2009.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૦૯ના જુલાઇ મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

એચ. ડી. વ્યાસ,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

## GUJARAT ACT NO. 15 OF, 2009.

*AN ACT*

*to establish the Children's University for promoting children's education in the light of contemporary national and international needs of building up a new world that will harmonise the ideals of liberty, equality and fraternity and to establish, conduct and promote progressive research and educational centres related to chlildren's education as also to establish, conduct and promote, training and extension services that will foster high level care, education and health of the children of today and tomorrow and for the matters connected therewith or incidental thereto.*

સન ૨૦૦૯નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૫.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી સન ૨૦૦૯ ના જુલાઇ મહિનાની ૩૧મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શોના સામંજસ્યપૂર્ણ નૂતન વિશ્વના નિર્માણની સમકાલીન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આવશ્યકતાઓને ધ્યાનમાં લઈને બાળ શિક્ષણના ઉત્તેજન માટે અને બાળ શિક્ષણ સંબંધી વિકાસશીલ સંશોધન અને શૈક્ષણિક કેન્દ્રોની સ્થાપના, સંચાલન અને ઉત્તેજનના હેતુથી અને આજના અને આવતી કાલના બાળકોની ઉચ્ચ કક્ષાની કાળજી, શિક્ષણ અને આરોગ્યનું જતન કરે તેવી તાલીમ અને વિસ્તરણ સેવાઓની સ્થાપના, સંચાલન અને ઉત્તેજન માટે પણ બાળ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનો અધિનિયમ.

આથી, ભારતના ગણરાજયના સાઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

## પ્રકરણ ૧
## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઇઓ રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,-

(ક) ''એકેડેમિક કાઉન્સિલ '' એટલે કલમ ૨૩ હેઠળ સ્થપાયેલી વિશ્વવિદ્યાલયની એકેડેમિક કાઉન્સિલ;

(ખ) ''સહયોગ'' એટલે બીજી યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ (સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય) અને બીજી સંશોધન, શૈક્ષણિક, અધ્યાપન, તાલીમ સંસ્થાઓ અને સંગઠનો સાથેની વિશ્વવિદ્યાલયની સહયોગી શૈક્ષણિક પ્રવૃત્તિ;

(ગ) '' મહાનિયામક '' એટલે કલમ ૧૫ હેઠળ નીમાયેલા વિશ્વવિદ્યાલયના મહાનિયામક;

(ઘ) ''એક્ઝિક્યુટીવ કાઉન્સિલ '' એટલે કલમ ૨૧ હેઠળ રચાયેલી વિશ્વવિદ્યાલયની એક્ઝિક્યુટીવ કાઉન્સિલ;

(ચ) ''ફી'' એટલે ટયુશન ફી અને વિકાસ ચાર્જ સહિતની જુદા જુદા શીર્ષક હેઠળ, જુદા જુદા હેતુઓ માટે વિદ્યાર્થીઓ પાસેથી વિશ્વવિદ્યાલયે વસૂલ કરેલી અને રીફંડને પાત્ર ન હોય તેવી ફી;

(છ) ''નાણા સમિતિ'' એટલે કલમ ૨૬ હેઠળ રચાયેલી વિશ્વવિદ્યાલયની નાણા સમિતિ;

(જ) ''જનરલ કાઉન્સિલ'' એટલે કલમ ૧૯ હેઠળ રચાયેલી વિશ્વવિદ્યાલયની જનરલ કાઉન્સિલ;

(ઝ) ''સંસ્થા'' એટલે વિશ્વવિદ્યાલયનો ભાગ બનતી હોય અથવા તેની સાથે સંલગ્ન હોય અને જેને વિશ્વવિદ્યાલયના વિશેષાધિકારોમાં સમાવેશ કરેલી હોય તેવી સંસ્થા;

(ટ) ''ઠરાવેલું'' એટલે સ્ટેચ્યુટ અથવા અધ્યાદેશ અથવા યથાપ્રસંગ, આ અધિનિયમથી અથવા તે હેઠળ કરેલા વિનિયમોથી ઠરાવેલું;

(ઠ) ''વિનિયમો'' એટલે કલમ ૩૬ની પેટા-કલમ (૫) હેઠળ કરેલા વિનિયમો;

(ડ) ''રિસર્ચ કાઉન્સિલ (સંશોધન પરિષદ)'' એટલે કલમ ૨૯ હેઠળ રચાયેલી વિશ્વવિદ્યાલયની ''રિસર્ચ કાઉન્સિલ;

(ઢ) ''સપ્તધારા'' પ્રવૃત્તિઓમાં જ્ઞાનની જિજ્ઞાસા, લલિતકલા, અભિનયકલા, વક્તૃત્વ કૌશલ્ય, પ્રત્યાયન સેવાઓ, શારીરિક શિક્ષણ, સ્કાઉટ અને ગાઈડ, નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) અને રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને વાક્ કૌશલ્ય, હસ્તકલા માટેની પ્રવૃત્તિ અને કળા, સર્જનાત્મક લેખન, કવિતા તરીકે કળાના સ્વીકારનો સમાવેશ થશે;

(ત) ''શાળા'' એટલે વિશ્વવિદ્યાલય દ્વારા નિભાવાતી અથવા માન્યતા પામેલી, તેને સંલગ્ન અથવા તે તરીકે મંજૂર કરેલી શિક્ષણ અને તાલીમની શાળા અને તેમાં વિદ્યા નિકેતન શાળાનો સમાવેશ થાય છે;

(થ) ''સ્થાયી સમિતિ'' એટલે કલમ ૩૯ હેઠળ સ્થપાયેલી સ્થાયી સમિતિ;

(દ) '' વિશ્વવિદ્યાલય'' એટલે કલમ ૩ હેઠળ સ્થપાયેલું અને સંસ્થાપિત થયેલું બાળ વિશ્વવિદ્યાલય;

## પ્રકરણ ૨.

## વિશ્વવિદ્યાલયની સ્થાપના અને સંસ્થાપન

૩. (૧) "બાળ વિશ્વવિદ્યાલય" એ નામનું વિશ્વવિદ્યાલય સ્થાપવામાં આવશે અને સંસ્થાપિત કરવામાં આવશે. વિશ્વવિદ્યાલયની સ્થાપના અને સંસ્થાપન.

(૨) વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ, કુલપતિ, મહાનિયામક અને જનરલ કાઉન્સિલ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલના સભ્યો, સહાયક મહાનિયામક, રજિસ્ટ્રાર અને હવે પછી એવા અધિકારીઓ બને તેવી તમામ બીજી વ્યક્તિઓ, એવો હોદ્દો અથવા સભ્યપદ ધારણ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી, આથી, "બાળ વિશ્વવિદ્યાલય" નામનું સંસ્થાપિત મંડળ રચે છે.

(૩) વિશ્વવિદ્યાલય, શાશ્વત ઉત્તરાધિકાર અને સત્તા સાથેનું સામાન્ય સીલ ધરાવતું, આ અધિનિયમની જોગવાઇઓને અધીન ઉપર્યુકત નામનું સંસ્થાપિત મંડળ રહેશે. તેને મિલકત સંપાદિત કરવાની અને ધરાવવાની અને કરાર કરવાની સત્તા રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેની ઉપર દાવો માંડી શકાશે.

(૪) વિશ્વવિદ્યાલયના અથવા તેની વિરુધ્ધના તમામ દાવા અને બીજી કાનૂની કાર્યવાહીમાં, રજિસ્ટ્રારે નિવેદનમાં સહી કરવી જોઇશે અને ખરાઇ કરવી જોઇશે અને આવા દાવા અને કાર્યવાહીમાંની તમામ પ્રક્રિયા રજિસ્ટ્રારના નામે કાઢવી અને બજાવવી જોઇશે.

વિશ્વવિદ્યાલયનું મુખ્ય મથક.

૪. વિશ્વવિદ્યાલયનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે અથવા રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા બીજા કોઇ સ્થળે રહેશે.

વિશ્વવિદ્યાલયના ઉદ્દેશો.

૫. વિશ્વવિદ્યાલયના ઉદ્દેશો નીચે મુજબના રહેશેઃ-

(૧) જેમણે બાળકેન્દ્રી સર્વાંગી શિક્ષણમાંથી માર્ગદર્શન મેળવી શકાય તે હેતુથી તેની જરૂરિયાતો પર ભાર મૂકેલો હોય તેવા, ગુજરાત, ભારત અને વિશ્વના અન્ય ભાગોના પ્રણેતા શિક્ષણવિદ્દોના કાર્યોના અભ્યાસ કરવો અને તેમાં સંશોધન હાથ ધરવું;

(૨) ભારતના સંવિધાનના અનુચ્છેદ ૫૧-ક થી જણાવેલી મૂળભૂત ફરજોને ઉત્તેજન આપવું;

(૩) વિશ્વવિદ્યાલયમાં દેહ, પ્રાણ અને મન તેમજ તેમાં માનવચેતનાનો સમન્વય કરતા શિક્ષણના ઉચ્ચતમ હેતુઓનું જતન કરવું;

(૪) વૈજ્ઞાનિક વાસ્તવવાદ અને કલાત્મક સર્જનાત્મકતાના સમન્વયને ઉત્તેજન આપવું;

(૫) આધુનિક વિકાસના સંદર્ભમાં પ્રાચીન પ્રજ્ઞતાના બોધપાઠોમાંથી જ્ઞાનોન્મેષ પુનઃ પ્રાપ્ત કરવો;

(૬) શિક્ષણના પ્રાથમિક અને માધ્યમિક સહિતના તમામ સ્તરે બાળકના વિકાસને ઉત્તેજન આપે તેવા સંશોધન, શિક્ષણ, તાલીમ અને વિસ્તરણ સેવાઓની સુવિધાઓની સ્થાપના અને કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ શરુ કરવી;

(૭) શિક્ષણ પદ્ધતિમાં ભારતનાં આધ્યાત્મિક જ્ઞાન, સુદૃઢ બુદ્ધિમતા અને અખૂટ સર્જનાત્મકતા પ્રતિબિંબિત થાય તેવી નવતર પ્રણાલીઓ દાખલ કરીને તેને પોષવી;

(૮) ગુજરાતમાં તેમજ તેની બહાર શિક્ષણમાં થઇ રહેલા પ્રયોગોનો અભ્યાસ કરવો અને તેમાંથી બોધ લેવો અને મહત્ત્વની તમામ સુધારાત્મક કામગીરીનું જતન કરીને અને તેના વ્યાપક વિસ્તરણ અને ઉપયોગને ઉત્તેજન આપવું;

૬. વિશ્વવિદ્યાલયની સત્તા અને કાર્યો નીચે પ્રમાણે રહેશેઃ- વિશ્વવિદ્યાલર સત્તા અને કા

(૧) વિશ્વવિદ્યાલયનો વહીવટ અને સંચાલન કરવું અને વિશ્વવિદ્યાલયના ઉદ્દેશો આગળ ધપાવવા માટે સંશોધન, શિક્ષણ, તાલીમ અને વિસ્તરણ સેવાઓ સંબંધી કેન્દ્રો, ભવનો અને સંસ્થાઓની કાર્યક્ષમ કામગીરી સુનિશ્ચિત કરવી;

(૨) વિશ્વવિદ્યાલયના કર્મચારીઓની વર્તણૂકનું નિયમન કરવું અને તેમનામાં શિસ્તનું પાલન કરાવવું અને તેને માટે જરૂરી લાગે તેવા પગલાં લેવા;

(૩) શૈક્ષણિક સંસ્થાઓના મૂલ્યાંકન અને માન્યતા માટે માર્ગદર્શિકાઓ, નિયમસંગ્રહો અને પદ્ધતિ તૈયાર કરવી અને ગુણવત્તાની ખાતરી, પ્રક્રિયા અને વ્યવસ્થાતંત્ર માટેના નમૂનારૂપ ઢાંચા નકકી કરવા;

(૪) (૧) સંશોધન કેન્દ્ર,

(૨) શિક્ષણ કેન્દ્ર,

(૩) તાલીમ કેન્દ્ર,

(૪) વિસ્તરણ સેવા કેન્દ્ર જેવા કેન્દ્રોની, અને

(૫) અને જરૂરી હોય તેવા અન્ય કેન્દ્રો અને સંસ્થાઓની સ્થાપના કરવી, સંચાલન કરવું અને ઉત્તેજન આપવું,

અને બાળચિકિત્સા કેન્દ્ર અને વૈજ્ઞાનિક શોધો અને આવિષ્કારો માટેનું શિક્ષણશાસ્ત્ર, લલિત કલા માટેનું શિક્ષણશાસ્ત્ર, હસ્તકલા માટેનું શિક્ષણશાસ્ત્ર, રાષ્ટ્રીય સેવા યોજના(NSS) અને નેશનલ કેડેટ કોર્પ્સ(NCC) ને પ્રોત્સાહન, સ્કાઉટ અને ગાઇડસને પ્રોત્સાહન, બહુવિધ ભાષાક્ષમતાઓ(ગુજરાતી, સંસ્કૃત, ફ્રેંચ, અંગ્રેજી, હિન્દી, તમિળ, અરેબિક, સ્પેનીશ, વિ.), અભ્યાસકીય, સહ-અભ્યાસકીય અને અભ્યાસેતર શોખ, પપેટ્રી(કઠપૂતળી), પ્રદર્શનો, સતત શિક્ષણ, સંગ્રહાલયોનો અભ્યાસ, ગ્રંથાલય અને ફિલ્મ સ્ટુડિયોઝ, વિ.ના વિકાસને લગતી સુવિધાઓ સહિતની સુવિધાઓ માટે જોગવાઇ કરવી.

(૫) ગુજરાત રાજયમાં ભવનો અથવા સંસ્થાઓને માન્યતા, જોડાણ અને મંજૂરી આપવી;

(૬) સંલગ્ન શાળાઓ, માન્ય સંસ્થાઓ અને મંજૂર કરેલી સંસ્થાઓના તેમજ પત્રવ્યવહાર અને સતત શિક્ષણના અભ્યાસક્રમો હેઠળના વિદ્યાર્થીઓ સહિતના વિદ્યાર્થીઓને પદવી,

ડિપ્લોમા અને પ્રમાણપત્રો એનાયત કરવા અને તેમના માટે વ્યાખ્યાન, પ્રશિક્ષણ અને તાલીમ માટેની જોગવાઇ કરવી;

(૭) માનદ પદવીઓ અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન એનાયત કરવા;

(૮) વિશ્વવિદ્યાલયની જરૂરિયાત અને ધોરણો પરિપૂર્ણ કરી શકાય તેવી શિશુ-વાટિકા, બાળ-મંદિરો અને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સાથે શૈક્ષણિક સંબંધો વિકસાવવા અને વિશ્વવિદ્યાલયની કામગીરીના પરિણામોનો લાભ મેળવવા તેમને સત્તા આપવી અને ધીમે ધીમે આ લાભો રાજયના સમગ્ર શિક્ષણ તંત્ર સુધી પહોંચાડવા.

(૯) શિક્ષણના જુદા જુદા તબકકાઓ માટે વિશ્વવિદ્યાલય સંકુલમાં તથા અન્યત્ર વિદ્યાનિકેતન તરીકે ઓળખાતી શાળાઓ ઊભી કરવી, જે વિશ્વવિદ્યાલયે અથવા અન્યત્ર થયેલ સંશોધનના પરિણામોને એકત્ર કરીને તેને વધુ સુસ્પષ્ટ બનાવશે અને આ શાળાઓની કામગીરીના લાભો રાજયમાંના સમગ્ર શિક્ષણ તંત્ર સુધી પહોંચાડશે અને આ હેતુ માટે, કેમ્પસમાંની શાળાઓ અને રાજયમાંની બીજી શાળાઓના લાભાર્થે શિક્ષકોને તાલીમ આપવી અને અધ્યાપન-અધ્યયન સામગ્રી તૈયાર કરવી;

(૧૦) નીચે પ્રમાણેના વિષયોમાં સંશોધન કેન્દ્રની જવાબદારી હેઠળ વિવિધ સંશોધન પરિષદની સ્થાપના કરવી, તેનું સંચાલન કરવું અને તેને ઉત્તેજન આપવું:

(૧) બાળસબંધી જ્ઞાન પદ્ધતિઓ (શારીરિક અને તબીબી)નો સમન્વય;

(૨) બાળસબંધી જ્ઞાન પદ્ધતિઓ (મનોવૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક)નો સમન્વય ;

(૩) બાળ-તત્ત્વદર્શન, બાળ-મનોવિજ્ઞાન, બાળવિજ્ઞાન, બાળ-ટેકનોલોજી;

(૪) બાળકોના અધિકારો, માનવ અધિકારો, મૂળભૂત ફરજો, માનવ એકતા અને દૂરદર્શિતાનો આદર્શ;

(૫)વિલક્ષણ બાળકો, શારીરિક અને માનસિક રીતે અશકત બાળકો;

(૬) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણ;

(૭) ભારતીય અને આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં બહુવિધ ભાષા ક્ષમતાઓ;

(૮) બાળ-સાહિત્ય અને ફિલ્મો અને

(૯) સંકલિત વ્યકિતત્વનો વિકાસ;

(૧૧) સંશોધન કેન્દ્રના નિયંત્રણ અને સંચાલન હેઠળ, સંશોધન કાઉન્સિલ માટેના સામાન્ય હોય તેવા નહિ પણ પૂર્વ-પ્રસૂતિ શિક્ષણ, ભૂલકાં શિક્ષણ, કિન્ડરગાર્ટન શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણના વિષયવસ્તુના સંબંધમાં સંશોધન, પ્રશિક્ષણ અને પ્રત્યાયનના કેટલાક વિભાગો સ્થાપવા, તેને ઉત્તેજન આપવું અને તેનું સંચાલન કરવું અને ઉન્નત

દૃષ્ટિકોણ, દિવ્ય સંગીત, દિવ્ય વન્યજીવન અને પ્રકૃતિના સૌંદર્યની સ્તુતિ માટે તેમજ વૈજ્ઞાનિક વાસ્તવિકવાદના સમન્વય થકી સર્જનાત્મક શકિતને ઉદ્દીપન પૂરું પાડવું, વિગેરે;

(૧૨) નીચેના હેતુઓ માટે પરીક્ષણ અને મૂલ્યાંકનમાં સંશોધન વિભાગની સ્થાપના કરવી, તેનું સંચાલન કરવું અને તેને ઉત્તેજન આપવું :

(૧) કોમ્પ્યુટર ટેકનોલોજી માટે વિદ્યાર્થીઓ સજ્જ બનતા થાય તેમ અને ત્યારે અને વ્યક્તિગત રીતે પણ સજ્જ બને ત્યારે કોમ્પ્યુટર ટેકનોલોજીની મદદથી કસોટીઓ લઈ શકાય તે માટે વિદ્યાર્થીઓના માનસમાંથી પરીક્ષાનો ભય દૂર કરવાનો;

(૨) સ્મૃતિ કસોટીને સ્થાને ગ્રહણ કસોટી દાખલ કરવાનો;

(૩) વ્યક્તિત્વ વિકાસ, ચારિત્ર્યના શ્રેષ્ઠ કોટિના ગુણો અને મૂલ્યલક્ષી તેમજ કૌશલ્યલક્ષી વિકાસની કસોટી યોજવાનો અને શારીરિક ચુસ્તતાની કસોટીઓ યોજવાનો ધ્યેય ધરાવતી પરીક્ષણ સેવાઓની નવી પ્રણાલી ઊભી કરવાની આવશ્યકતામાં સહાય કરવી.

(૧૩) વિસ્તરણ સેવા કેન્દ્ર સ્થાપવા, તેનું સંચાલન કરવું અને તેને ઉત્તેજન આપવું,

(૧૪) સમગ્ર રાજ્યમાં નિરંતર શિક્ષણ માટે અને સામાજિક શિક્ષણના કાર્યક્રમોના ટી.વી. પ્રસારણ માટેનું કેન્દ્ર સ્થાપવું, તેનું સંચાલન કરવું અને ઉત્તેજન આપવું, જે સંગ્રહસ્થાનો અને પ્રદર્શન સંસ્થાઓની મુલાકાત મારફત શિક્ષણની પદ્ધતિઓ સહિત બાળકોની સર્વાંગી સંભાળ અને શિક્ષણના વાર્તાલાપ માટે ચોપાનિયા, પત્રિકાઓ, પ્રાસંગિક લખાણ સહિત બાળ-સંભાળ, ઔપચારિક-અનૌપચારિક કે શાળા બાહ્ય શિક્ષણને વેગ આપે.

(૧૫) શહેરો, નગરો તેમજ ગામોના પણ જૂથમાં બાળભવનોની સ્થાપના અને તેના સંચાલનના કાર્યક્રમને વિકસાવવા તેમજ "બાળ નાટયગૃહ" જેવી સંસ્થાનો પણ વિકાસ કરવો જેથી કરીને રાજયના બાળકોની નાટય પ્રવૃત્તિઓને ઉત્તેજન આપી શકાય.

(૧૬) વિદ્યાનિકેતન શાળાઓ તરીકે ઓળખાતી, પસંદગી પામેલી, માન્યતાપ્રાપ્ત અને સંલગ્ન શિશુવાટિકા, બાલ-મંદિર અને પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા માટે શૈક્ષણિક કાર્યક્રમો હાથ ધરવા, વ્યવસ્થા તંત્ર ગોઠવવું અને તેનું સંચાલન કરવું.

(૧૭) વિદ્યાનિકેતન શાળાઓમાં અને જોડાણ પામેલી, માન્યતા પ્રાપ્ત અને મંજૂર થયેલી શાળાઓમાં શિક્ષણના કાર્યમાં રોકાયેલા હોય તેવા શિક્ષકોને તાલીમ આપવાના હેતુ માટેના કાર્યક્રમો હાથ ધરવા, તેનું આયોજન અને સંચાલન કરવું અને બાળ વિશ્વવિદ્યાલયની તત્ત્વમીમાંસાના પરિચયનો સામાન્ય કાર્યક્રમ આપીને બાળકેન્દ્રી સર્વાંગી શિક્ષણની તત્ત્વમીમાંસાનો પરિચય આપવો તેમજ તેમને ભારતીય સંસ્કૃતિ, તેની અંતર્ગત આધ્યાત્મિકતા, સુદૃઢ બુદ્ધિમતાના અને અખૂટ જીવનશક્તિના વિશેષ સંદર્ભમાં

ઈતિહાસના પાઠ સંબંધી પ્રારંભિક અભ્યાસક્રમોની તેમજ નીચેની બાબતોની પણ જોગવાઈ કરવી:-

(૧) પોષણ, શારીરિક તંદુરસ્તીનો અને પ્રારંભિક બાલ્યાવસ્થાની કોમળ શક્તિઓનો વિકાસ થાય તેવા વિશેષિત અભ્યાસક્રમો;

(૨) શિશુશિક્ષણ, બાળશિક્ષણ આપતી શાળા(કિન્ટરગાર્ડન), આંગણવાડી, પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ જેવા શિક્ષણના જુદા જુદા તબકકાને લગતા શૈક્ષણિક કાર્યક્રમોમાં નવા પથ,

(૩) લલિતકલા, હસ્તકલા, વ્યાવસાયિક અભ્યાસક્રમો, શારીરિક શિક્ષણ, રુચિ વિકાસ, કઠપૂતળી, બાળનાટય, બાળકવિતાઓ, બાળવાર્તાઓ, બાળસંગીત, બાળનૃત્ય, બાળવિકાસ વગેરેના નૂતન પથનો આવિર્ભાવ કરતા શિક્ષણશાસ્ત્રમાં નવી કેડી કંડારવી;

(૪) આંગણવાડી કાર્યકરો તરીકે સેવા માટે લાયકાત મેળવવા ઇચ્છતા ઉમેદવારો માટે સેવા અંતર્ગત તાલીમ કાર્યક્રમો.

(૧૮) બાળ શિક્ષણને લગતા એમ.ફીલ., પી.એચ.ડી. માટેના સંશોધનમાં અને ડોક્ટરલ કાર્યક્રમોમાં રોકાયેલા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ કેન્દ્ર હેઠળ શૈક્ષણિક કાર્યક્રમો હાથ ધરવા, તેનું આયોજન અને સંચાલન કરવું;

(૧૯) વિશ્વવિદ્યાલય વખતોવખત નક્કી કરે તેવી શિક્ષણ શાખાઓ અને અભ્યાસક્રમોમાં, પ્રશિક્ષણ, વિસ્તરણ અને અધ્યાપન માટેની જોગવાઇ કરવી;

(૨૦) વિશ્વવિદ્યાલયે, એક્ઝિકયુટીવ કાઉન્સિલની પૂર્વ મંજૂરી લઇને, કાર્યપાલક અધિકારીઓ, મહાનિયામક, નિયામક, સહાયક મહાનિયામક, પ્રાધ્યાપકો, સહ-પ્રાધ્યાપકો અને સહાયક પ્રાધ્યાપકો અને સમકક્ષ જવાબદારીવાળા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના અન્ય સભ્યો, અધ્યાપકીય અથવા બિન-અધ્યાપકીય શૈક્ષણિક જગાઓ ઊભી કરવી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન અને બીજા રાષ્ટ્રીય વૈધાનિક મંડળોની માર્ગદર્શિકાઓ અનુસાર લાયકાતો ઠરાવવી અને તેની પર નિમણૂકો કરવી; તેમજ બિન-શૈક્ષણિક અથવા વહીવટી, કારકુની અને અન્ય જગાઓ ઊભી કરવી અને રાજય સરકારની પૂર્વ મંજૂરી લઇને તેમની લાયકાતો અને પગારધોરણો ઠરાવવા અને તેની પર નિમણૂક આપવી;

(૨૧) વિશ્વવિદ્યાલયના સંલગ્ન પ્રાધ્યાપકો, સંલગ્ન સહ પ્રાધ્યાપકો, સંલગ્ન સહાયક પ્રાધ્યાપકો, મુલાકાતી પ્રાધ્યાપકો તરીકે કોઇ બીજી યુનિવર્સિટીમાં અથવા સંગઠનમાં કામ કરતી વ્યકિતઓને નિયત મુદત માટે નિમણૂક આપવી અને માન્યતા આપવી; વિશ્વવિદ્યાલયની અંદર અને અન્ય યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક સભ્યોની ગતિશીલતા સરળ બનાવવી;

(૨૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને અથવા એક્ઝિક્યુટીવ કાઉન્સિલે ઠરાવેલી માર્ગદર્શિકા, જો કોઇ હોય તો તે અનુસાર યુનિવર્સિટી કેન્દ્ર અથવા સંસ્થાને મુકરર કરવી, સંશોધન, શિક્ષણ, તાલીમ, વિસ્તરણ સેવા, અધ્યાપન અને પૂરતા ગ્રંથાલયો, પ્રયોગશાળા, છાત્રાલયો અને અન્ય શૈક્ષણિક સવલતોના યોગ્ય ધોરણો સુનિશ્ચિત કરવા માટે જુદા જુદા કેન્દ્રો, ભવનો અને સંસ્થાઓની શૈક્ષણિક કામગીરી પર દેખરેખ-નિયંત્રણ રાખવું, સમયાંતરે તપાસણી કરવી અને મૂલ્યાંકન કરવું;

(૨૩) ખાસ કરીને ગ્રામીણ અને આદિજાતિ વિસ્તારમાંથી આવતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સમુદાયો માટે વિશ્વવિદ્યાલયના શિક્ષણના લાભ ઉપલબ્ધ કરાવવા માટે ખાસ જોગવાઇ કરવી;

(૨૪) વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની વર્તણૂક અને શિસ્તની દેખરેખ રાખવી, નિયંત્રણ રાખવું અને નિયમન કરવું અને તેમની કામગીરીનું સમયાંતરે મૂલ્યાંકન કરવું;

(૨૫) નવતર શિક્ષણ માટે શિક્ષકોના અધ્યાપનની અને તાલીમની સંસ્થાઓ સ્થાપવી અને શૈક્ષણિક નવીકરણના અમલીકરણ માટે શિક્ષણ અને તાલીમ માટે જોગવાઈ કરવી;

(૨૬) વર્તમાન શિક્ષણ પધ્ધતિને ભારતીય રાષ્ટ્રવાદ અને આંતરરાષ્ટ્રવાદના આદર્શો પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બનાવવા માટે તેને સમૃદ્ધ બનાવવાના પ્રયત્નો કરવા;

(૨૭) વિદ્યમાન શિક્ષણ પધ્ધતિને પૂરક અથવા વૈકલ્પિક બને તેવી નવી શિક્ષણ પધ્ધતિનો વિકાસ કરવો;

(૨૮) રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી અધીન રહીને, વિશ્વવિદ્યાલયની મિલકતની જામીનગીરી પર વિશ્વવિદ્યાલયના હેતુઓ માટે ફંડ ઉછીના લેવા માટે, સંશોધન અને સલાહકાર સેવા માટે, વિદેશી યુનિવર્સિટીઓ, સંગઠન સહિતની કોઈ બીજી યુનિવર્સિટીને, સંસ્થા, સત્તામંડળ અથવા સહકાર આપવો અથવા સહયોગ આપવો;

(૨૯) રાજ્ય સરકારની પૂર્વમંજૂરીને અધીન રહીને, વિશ્વવિદ્યાલયની મિલકતની જામીનગીરી પર વિશ્વવિદ્યાલયના હેતુઓ માટે ફંડ ઉછીનું લેવું;

(૩૦) કેન્દ્ર સરકારે અને રાજય સરકારે તે અર્થે કરેલા નિયમો અને વિનિયમોને અધીન રહીને, વિદેશી એજન્સીઓ પાસેથી સહયોગ કાર્યક્રમો માટે ફંડ મેળવવા;

(૩૧) અભ્યાસેતર અધ્યાપન અને વિસ્તરણ સેવાની વ્યવસ્થા કરવી અને તે હાથ ધરવી;

(૩૨) ફી અને બીજા ચાર્જો નકકી કરવા, માંગવા અને મેળવવા;

(૩૩) વિદ્યાર્થીઓના પ્રવેશ પર દેખરેખ રાખવી, નિયંત્રણ રાખવું અને નિયમન કરવું;

(૩૪) સામાન્ય રીતે કેન્દ્રો, વિભાગો, સંસ્થાઓ અને ખાસ કરીને પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો, કોમ્પ્યુટર કેન્દ્રોની અને તેની સાધનસામગ્રીની સ્થાપના કરવી, ગોઠવણ કરવી,

નિભાવવા, તેનું સંચાલન કરવું અને તેની કામગીરી પર દેખરેખ રાખવી અને નિયંત્રણ કરવું;

(૩૫) યુનિવર્સિટી પદ્ધતિમાં, સ્વૈચ્છિક ધોરણે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મારફત રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યક્રમ અને પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમનો અમલ કરવો અને આ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓની સામાન્ય શૈક્ષણિક કામગીરી ઉપરાંત તેમના પ્રયત્ન અને કામગીરીને યોગ્ય ભાર આપવા પગલાં ભરવા અને આ ક્ષેત્રમાં અધ્યાપકોની કામગીરીનું પણ મૂલ્યાંકન કરવું;

(૩૬) ટ્રસ્ટ અને દેણગીઓ ધરાવવાની અને તેની વ્યવસ્થા કરવાની અને વિશ્વવિદ્યાલયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે અધ્યેતાવૃત્તિ, શિષ્યવૃત્તિ, છાત્રવૃત્તિ, ચંદ્રકો અને પારિતોષિક શરૂ કરવા અને એનાયત કરવા;

(૩૭) વિશ્વવિદ્યાલયના હેતુ માટે અને જેના માટે વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હોય તે ઉદ્દેશ સાથે સુસંગત હોય તે રીતે, અનુદાન, આર્થિક સહાય, ફાળો, દાન અને બક્ષિસ સ્વીકારવી અને બાળકોના શિક્ષણને ઉત્તેજન મળી રહે તે માટે પોતે માન્ય કરેલી સંસ્થાઓ અને અભ્યાસક્રમોના વિકાસના હેતુ માટે ફંડમાંથી ગ્રાન્ટ ફાળવવી અને ચૂકવવી;

(૩૮) પોતે સ્થાપેલા અભ્યાસક્રમો, કાર્યક્રમો અને મૂલ્યાંકન પ્રથામાં શિક્ષણના વિદ્યમાન ધોરણો સાથે સમકક્ષતા મેળવવાનાં હેતુ માટે, વૈધાનિક મંડળો અને યુનિવર્સિટીઓએ આપેલી માન્યતા અને સ્વીકૃતિના સંબંધમાં, વિવિધ મંડળો સાથે વિચારવિનિમય કરવાની અને સંમતિ મેળવવાની;

(૩૯) વિશ્વવિદ્યાલયના ઉદ્દેશો સિધ્ધ કરવા માટે અથવા તેના ઉત્તેજન માટે, વિશ્વવિદ્યાલય જરૂરી, સહાયકારક અથવા આનુષંગિક ગણે તેવા તમામ બીજા કાર્યો અને કૃત્યો કરવા.

સંશોધનની પદ્ધતિઓ.

૭. વિશ્વવિદ્યાલય, સ્ટેચ્યુટ્સથી ઠરાવવામાં આવે તેવા વિવિધ સાધનોનો ઉપયોગ કરીને તેના સંશોધન કાર્યક્રમોનું સંચાલન કરશે.

વિશ્વવિદ્યાલયની હકૂમત.

૮. વિશ્વવિદ્યાલયની પ્રાદેશિક હકૂમત, સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડશે.

ધર્મ,વંશ,જ્ઞાતિ, લિંગ, અથવા મંતવ્યના ભેદ વિના વિશ્વવિદ્યાલય બધા માટે ખુલ્લું રહેશે.

૯. (૧)કોઈપણ વ્યક્તિને, ધર્મ, વંશ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ અથવા રાજકીય અથવા અન્ય મંતવ્ય હોવાના કારણમાત્રથી જ, વિશ્વવિદ્યાલયના કોઈ હોદ્દા અથવા તેના અધિકારીમંડળો પૈકી કોઈપણના સભ્યપદ અથવા પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન અથવા અભ્યાસક્રમમાં પ્રવેશથી વંચિત રાખી શકાશે નહિ:

પરંતુ વિશ્વવિદ્યાલય, રાજ્ય સરકારની પૂર્વમંજૂરીને અધીન રહીને, શિક્ષણ, પ્રશિક્ષણ અથવા નિવાસ માટે, માત્ર મહિલાઓ માટે જ, કોઈપણ કોલેજ અથવા સંસ્થાને નીભાવી શકશે,

જોડાણ કરી શકશે અથવા માન્યતા આપી શકશે અથવા વિશ્વવિદ્યાલયે નીભાવેલ અથવા તેના દ્વારા નિયંત્રિત કોઈપણ કોલેજમાં અથવા સંસ્થામાં વિદ્યાર્થીઓ તરીકે પ્રવેશના હેતુઓ માટેના સ્થળો મહિલાઓ અથવા શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સમુદાયના સભ્યો માટે અનામત રાખી શકશે.

(૨) કોઈપણ વ્યકિતને, વિશ્વવિદ્યાલયમાં અધ્યાપક તરીકે દાખલ થવાનો અથવા વિશ્વવિદ્યાલયમાં કોઈપણ હોદો ધરાવવાનો અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા અન્ય શૈક્ષણિક વિશિષ્ટમાન તરીકે લાયકાત મેળવવાનો અથવા વિશ્વવિદ્યાલયનો કોઇ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેના લાભ મેળવવાનો હક મળી શકે તે માટે, વિશ્વવિદ્યાલય ધર્મ, વંશ, જ્ઞાતિ, લિંગ અથવા રાજકીય અથવા અન્ય મંતવ્ય અંગેની કોઇ કસોટી રાખે તો તે કાયદેસર ગણાશે નહિ.

## પ્રકરણ ૩

## વિશ્વવિદ્યાલયના અધિકારીઓ

વિશ્વવિદ્યાલયના અધિકારીઓ.

૧૦. વિશ્વવિદ્યાલયના અધિકારીઓ નીચે મુજબના રહેશે.

(૧) કુલાધિપતિ;

(૨) કુલપતિ;

(૩) મહાનિયામક;

(૪) રજિસ્ટ્રાર;

(૫) નાણા અને હિસાબી અધિકારી; અને

(૬) વિશ્વવિદ્યાલયના અધિકારી તરીકે સ્ટેચ્યુટથી જાહેર કરવામાં આવે તેવા બીજા અધિકારીઓ.

વિશ્વવિદ્યાલયન કુલાધિપતિ.

૧૧.(૧) ગુજરાતના રાજયપાલ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ રહેશે. તે હોદાની રૂએ વિશ્વવિદ્યાલયના વડા રહેશે.

(૨) કુલાધિપતિને નીચેની સત્તા અને કાર્યો રહેશે.

(ક) કુલાધિપતિ, હાજર હોય ત્યારે, વિશ્વવિદ્યાલયના પદવીદાન સમારંભનું અધ્યક્ષસ્થાન લેશે અને વિશેષ હેતુઓ માટે, વિશ્વવિદ્યાલયના કોઇ અધિકારીમંડળની બેઠક બોલાવવાનો કુલપતિને આદેશ કરી શકશે.

(ખ) કુલાધિપતિ, વિશ્વવિદ્યાલયના હિતમાં, કોઇ નામનિયુકત અથવા નિમાયેલા અથવા કો-ઓપ્ટ થયેલા સભ્યનું વર્તન, જો તેમને વિશ્વવિદ્યાલયની સરળ કામગીરીમાં બાધારૂપ લાગે તો, તેઓ સ્થાયી સમિતિને વિશ્વવિદ્યાલય, અધિકારીમંડળ, મંડળ અથવા સમિતિના કોઇ સભ્યની ગેરલાયકાતની બાબતમાં તપાસ કરવાનો આદેશ આપી શકશે.

૧૨. (૧) રાજ્ય સરકાર કુલાધિપતિ, સાથે વિચારવિનિમય કરીને, નીચે જણાવેલી રીતે કુલપતિની નિમણૂક કરશેઃ- કુલપતિ.

(૨) (ક) કુલપતિની નિમણૂક માટે યોગ્ય નામોની ભલામણો કરવા રાજ્ય સરકારે રચેલી શોધ સમિતિ રહેશે જે રાજ્ય સરકારે નામનિયુકત કરવાના ત્રણ સભ્યોની બનેલી રહેશે. શોધ સમિતિના સભ્યો નીચે પૈકીમાંથી કોઈ એક અથવા તેથી વધુ કક્ષામાંથી હોવા જોઈશેઃ-

(૧) એક નામાંકિત શિક્ષણવિદ્;
(૨) ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ;
(૩) ગુજરાત સરકારના નિવૃત્ત મુખ્ય સચિવ/નિવૃત્ત અધિક મુખ્ય સચિવ;
(૪) ગુજરાત રાજયમાંની કોઈપણ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ;

રાજ્ય સરકાર સમિતિના અધ્યક્ષ તરીકે તેમાંથી કોઇ એકને નામનિયુકત કરશે.

(ખ) સમિતિ માટે નામનિયુકત સભ્યો વિશ્વવિદ્યાલય અથવા વિશ્વવિદ્યાલયની કોઇ સંસ્થા સાથે જોડાયેલી ન હોય તેવી વ્યકિતઓ હોવા જોઇશે;

(૩) પેટા-કલમ(૨) હેઠળ નિમાયેલી સમિતિએ કુલપતિની જગા ખાલી પડવાની સંભવિત તારીખના ઓછામાં ઓછા ચાર મહિના પહેલાં, કુલપતિની નિમણૂક માટે નામોની પેનલની ભલામણની કાર્યવાહી શરૂ કરવી જોઇશે અને કુલાધિપતિ નિયત કરે તેવી સમયમર્યાદામાં તે પૂર્ણ કરવી જોઈશે. રાજ્ય સરકાર, તાકીદના સંજોગોની આવશ્યકતામાં તેમ કરવું જરૂરી હોય તો, આવી સમયમર્યાદા લંબાવી શકશેઃ

પરંતુ એવી રીતે લંબાવેલી મુદત એકંદરે ત્રણ મહિનાથી વધવી જોઇશે નહિ.

(૪) સમિતિએ કુલપતિની જગા માટે નીચેની લાયકાત ધરાવતી હોય તેવી વ્યકિતના નામો વિચારણામાં લેવા જોઇશે અને ભલામણ કરવી જોઇશેઃ

(ક) કોઇ યુનિવર્સિટી અથવા બાળકોની સંસ્થામાં કામ કરવાના દસ વર્ષ કરતાં વધારે સમયના અનુભવ સાથે બાળકોના શિક્ષણ, દેખરેખ અને વિકાસના ક્ષેત્રમાં નેતૃત્વ કર્યું હોય અને પ્રકાશનો મારફતે પુરવાર થતા સંશોધન અથવા સર્જન કાર્ય માટે ખ્યાતનામ હોય અથવા યુનિવર્સિટી અથવા કોલેજના સંશોધન કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હોય અથવા માનવ-વિદ્યાઓ, વિજ્ઞાન, લલિત કલા અને હસ્તકલા, ટેકનોલોજી, તબીબી, ઉદ્યોગના ક્ષેત્રમાં નેતૃત્વ પૂરું પાડયું હોય; અથવા

(ખ) યુનિવર્સિટીમાં રજિસ્ટ્રાર તરીકે અથવા કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે અથવા રાજ્ય અથવા કેન્દ્ર સરકાર હેઠળની કોઇ સંશોધન એકેડેમી અથવા સંશોધન કાઉન્સિલમાં દસ વર્ષની સેવાના અનુભવ મારફતે સિદ્ધ થાય તે રીતે વહીવટના ક્ષેત્રમાં નેતૃત્વ કર્યું હોય;

(૫) શોધ સમિતિએ, કુલપતિ તરીકે નિમણૂક પામવા માટે, કુલાધિપતિની વિચારણા માટે ત્રણ યોગ્ય વ્યકિતઓની પેનલની ભલામણ કરવી જોઇશે. નામ કોઇ અગ્રતાક્રમ દર્શાવ્યા સિવાય વર્ણાનુક્રમમાં હોવા જોઇશે. પેનલમાં સમાવેશ કરેલી દરેક વ્યકિત માટેના યોગ્યતા અંગેનું વિસ્તૃત વિવરણ તેની સાથે જોડેલું હોવું જોઇશે.

(૬) રાજય સરકારે, કુલાધિપતિ સાથે વિચારવિનિમય કર્યા પછી, પેટા-કલમ (૫)માં ઉલ્લેખેલ પેનલમાંથી એક વ્યક્તિની વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકે નિમણૂક કરવી જોઇશે.

કુલપતિની નિમણૂકની બોલીઓ અને શરતો.

૧૩. (૧) કુલપતિ પોતાનો હોદ્દો ધારણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત માટે અથવા પાંસઠ વર્ષની ઉંમરે પહોંચે-તે બન્નેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે અને તેંઓ ફેર-નિમણૂકને પાત્ર રહેશે નહિ;

(૨)(ક) કુલપતિની રજા અથવા ગેરહાજરી દરમિયાન; અથવા

(ખ) તે હોદા પર કલમ ૧૨ની પેટા-કલમ (૧) હેઠળ નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી, કુલપતિની જગા કાયમી ખાલી જગા હોય તેવા પ્રસંગે,

વિશ્વવિદ્યાલયના મહાનિયામક કુલપતિના હોદાની વર્તમાન ફરજો બજાવશે.

(૩) કુલપતિ વિશ્વવિદ્યાલયના પૂર્ણકાલિક પગારદાર અધિકારી રહેશે અને તેઓના પગાર, ભથ્થાં, મળતરો અને સેવાની બીજી બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૪) કુલપતિ કુલાધિપતિને સંબોધીને પોતાની સહીથી લેખિતમાં એક મહિનાની નોટિસ આપ્યા પછી, પોતાના હોદા પરથી રાજીનામું આપી શકશે અને કુલાધિપતિએ તેનું રાજીનામુ સ્વીકાર્યાની તારીખથી એવું રાજીનામું અમલમાં આવશે.

(૫) કુલાધિપતિને, રાજય સરકાર સાથે વિચાર વિનિમય કરીને એવી ખાતરી થાય કે પદધારી,-

(ક) અસ્થિર મગજનો બન્યો હોય અને સક્ષમ કોર્ટે તેને એવી રીતે જાહેર કરેલ હોય;

(ખ) નૈતિક અધઃપતન સહિતના કોઇપણ ગુના માટે કોર્ટે દોષિત ઠરાવ્યો હોય;

(ગ) દેવામુકત નહિ થયેલ નાદાર ઠરેલ હોય અને સક્ષમ કોર્ટે તે તરીકે જાહેર કર્યો હોય;

(ઘ) શારીરિક રીતે અક્ષમ બન્યો હોય અને લાંબી માંદગી અથવા શારીરિક અશકતતાને કારણે પોતાના કાર્યો બજાવવા અસમર્થ બન્યો હોય;

(ચ) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં સ્વેચ્છાએ ચૂક અથવા ઇન્કાર કર્યો હોય અથવા રાજય સરકારે ઠરાવ્યા મુજબની સેવાની કોઇપણ બોલીઓ અને શરતોનો ભંગ કર્યો હોય અથવા તેમનામાં નિહિત સત્તાનો દુરુપયોગ કર્યો હોય અથવા કુલપતિના હોદ્દા ઉપર તેને ચાલુ રાખવાનું વિશ્વવિદ્યાલયના હિતને હાનિકારક હોય;

(છ) તે કોઇ રાજકીય પક્ષ અથવા કોઇ રાજકારણમાં ભાગ લેતી સંસ્થાનો સભ્ય હોય તો અથવા કોઇ રાજકીય ચળવળ કે પ્રવૃત્તિ સાથે સંકળાયેલો હોય, તેમાં ભાગ લેતો હોય, સહાય પૂરી પાડતો હોય;

તો કુલપતિને તેના હોદા પરથી દૂર કરી શકશે:

પરંતુ, કુલપતિને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય હોદા પરથી દૂર કરી શકાશે નહિ.

કુલપતિની સત્તા અને કાર્યો.

૧૪. (૧) કુલપતિ, વિશ્વવિદ્યાલયની કાર્યક્ષમ કામગીરી અને શૈક્ષણિક કાર્યક્રમોના વિકાસ માટે જવાબદાર વિશ્વવિદ્યાલયના મુખ્ય શૈક્ષણિક અને કારોબારી અધિકારી ગણાશે. તે વિશ્વવિદ્યાલયની કાર્યદક્ષતા અને સુવ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે, વિશ્વવિદ્યાલયના સામાન્ય વહીવટ અને શૈક્ષણિક કાર્યક્રમોના સંચાલન પર દેખરેખ અને નિયંત્રણ રાખશે.

(૨) તેમને વિશ્વવિદ્યાલયના બીજા કોઇ અધિકારીમંડળની અથવા મંડળની કોઇ બેઠકમાં હાજર રહેવાનો અને બોલવાનો હક રહેશે, પણ તેઓ તે અધિકારીમંડળ અથવા મંડળના સભ્ય ન હોય, તો તેમને તેમાં મત આપવાનો હક રહેશે નહિ.

(૩) રાજય સરકારના આદેશો, કોઇ હોય તો તેનું, અને અધિનિયમ, સ્ટેચ્યુટ, અધ્યાદેશો અને વિનિયમોની જોગવાઇઓનું ચુસ્ત પાલન થાય છે અને અધિકારીમંડળો, મંડળો અને સમિતિઓના અધિનિયમ, સ્ટેચ્યુટ અધ્યાદેશો અથવા વિનિયમો સાથે સુસંગત નિર્ણયોનું યોગ્ય અમલીકરણ થાય છે તે સુનિશ્ચિત કરવાની કુલપતિની ફરજ રહેશે.

(૪) કુલપતિ, કોઇ તાકીદના પ્રસંગે, વિશ્વવિદ્યાલયના હિતમાં ઉચિત પગલું લઇ શકશે:

પરંતુ, કુલપતિએ લીધેલા આવા કોઇ પગલાંથી વિશ્વવિદ્યાલયની સેવામાં હોય તેવી કોઇ વ્યકિતને અસર થાય તેમ હોય, ત્યારે તેવી વ્યકિતને, આવાં પગલાં વિષે તેને નોટિસ મળે તે તારીખથી ત્રીસ દિવસમાં, એકિઝકયુટિવ કાઉન્સિલને અપીલ કરવાનો હક રહેશે.

(૫) કુલપતિ, વિશ્વવિદ્યાલયના મહાનિયામક, રજિસ્ટ્રાર, સહાયક મહાનિયામક અને નાણાં અને હિસાબી અધિકારી, શૈક્ષણિક કર્મચારીગણ(એકેડેમિક સ્ટાફ)ના સભ્યો અને વિશ્વવિદ્યાલયના સહાયક રજિસ્ટ્રારની કક્ષાના અને તેને સમકક્ષ કક્ષાના અને તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ માટે નિમણૂક અને શિસ્ત સત્તાધિકારી ગણાશે.

(૬) કુલપતિ, સમયાંતરે વિશ્વવિદ્યાલયના કામકાજનો રિપોર્ટ એકિઝકયુટિવ કાઉન્સિલ સમક્ષ મૂકશે.

(૭) કુલપતિને, વિશ્વવિદ્યાલય, તેની ઇમારતો, પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો, કાર્યશાળાઓ અને સાધનસામગ્રીઓ, છાત્રાલયો અને વિશ્વવિદ્યાલય દ્વારા નિભાવાતી અને માન્ય

કોઇ સંસ્થા દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ અથવા કરવામાં આવતી અધ્યાપન અને વિશ્વવિદ્યાલય દ્વારા અથવા વતી થતી બીજી કામગીરીનું નિરીક્ષણ અને એવી જ રીતે, વિશ્વવિદ્યાલયના વહીવટ, નાણા અને શિક્ષણ સાથે સંકળાયેલી કોઇ બાબતના સંબંધમાં તપાસ પોતે ફરમાવે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ અથવા વ્યક્તિઓના મંડળ દ્વારા કરાવવાની સત્તા રહેશે.

(૮) કુલપતિ, અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

મહાનિયામક. ૧૫. (૧) યુનિવર્સિટીના મહાનિયામકની નિમણૂક સ્થાયી સમિતિની ભલામણ પર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કરવાની રહેશે. મહાનિયામક, શિક્ષણ, સંશોધન અને જાહેર સેવા જેવા ક્ષેત્રોમાં ઓછામાં ઓછા વીસ વર્ષ સુધી કામ કર્યું હોય તેવી ખ્યાતનામ વ્યકિત હોવી જોઇશે.

(૨) મહાનિયામકના પગાર, મળતરો, બીજા અનુલાભો અને ભથ્થાં અને સેવાની બોલીઓ, શરતો અને મુદત સ્ટેચ્યુટ દ્વારા ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) મહાનિયામકના કાર્યો નીચે મુજબના રહેશે:

(ક) વિશ્વવિદ્યાલયના કાર્યવિશેષને લગતા કોઇપણ અગત્યની વિષયવસ્તુ પર ઈચ્છનીય રીતે દર બે વર્ષની મુદતના યોગ્ય સમયાંતરે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મંજૂરીને અધીન રહીને, મુખ્ય રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવું અને તેનું સંચાલન કરવું;

(ખ) વિશ્વવિદ્યાલયના વિવિધ કેન્દ્રો અને સંસ્થાઓની પ્રવૃત્તિઓના સંકલનના કાર્યમાં કુલપતિને સહાયભૂત થવું;

(ગ) મહાનિયામકે નીચેના કાર્યો બજાવવા જોઇશે:-

(૧) વિશ્વવિદ્યાલયના સંશોધનના સામયિક (રિસર્ચ જર્નલ) સહિત વિશ્વવિદ્યાલય તરફથી કરવાના પ્રકાશનો;

(૨) વિશ્વવિદ્યાલય દ્વારા જોડાણ કરેલા, માન્યતા આપેલા અને મંજૂર કરેલા ભવનો અને સંસ્થાઓની દેખરેખ અને નિયંત્રણ રાખવું;

(૩) એકેડેમિક કાઉન્સિલ દ્વારા મૂકવામાં આવેલા ધોરણોને સુસંગત વિશ્વવિદ્યાલયની વિસ્તરણ સેવાની કાર્યદક્ષતાના પ્રમાણ અંગે કુલપતિને રિપોર્ટ સાદર કરવો;

(૪) વિદ્યાર્થીઓને વર્તમાન પરીક્ષા પધ્ધતિથી મુકિત અપાવે અને વિદ્યાર્થીઓની માત્ર લેખિત કાર્યને આધારે જ નહિ; પરંતુ રૂબરૂ મુલાકાતને આધારે પણ સાચી કસોટી થઈ છે તેની ખાતરી અપાવે; વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ

વિશિષ્ટ રીતે આયોજિત પ્રગતિશીલ અહેવાલને આધારિત હોય તેમજ વિદ્યાર્થીઓના મૂલ્યલક્ષી અને કૌશલ્યલક્ષી વિકાસ તેમજ શારીરિક સ્વાસ્થ્યની પણ આંતરસૂઝ પૂરી પાડે તેવી વિશ્વવિદ્યાલયની નાવીન્યપૂર્ણ કસોટીનું આયોજન કરવું અને તેની સરળ કામગીરીની ખાતરી આપવી.

(૪) (ક) મહાનિયામકને પોતાની ફરજો અને કાર્યો બજાવવામાં સહાયભૂત થવા માટે ચાર કરતાં વધુ નહિ તેટલા સહાયક મહાનિયામક હોવા જોઈશે;

(ખ) સહાયક મહાનિયામકની નિમણૂક સ્થાયી સમિતિની ભલામણ પર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કરવાની રહેશે;

(ગ) લાયકાતો, પગાર, બીજા અનુલાભો અને ભથ્થાં અને સેવાની બોલીઓ, શરતો અને મુદત સ્ટેચ્યુટ દ્વારા ઠરાવવામાં આવે તેવી રહેશે.

૧૬. (૧) રજિસ્ટ્રારની નિમણૂક, આ હેતુ માટે રચવામાં આવેલી સ્થાયી સમિતિની ભલામણથી કુલપતિ કરશે: રજિસ્ટ્રાર.

(૨) રજિસ્ટ્રારની લાયકાત, પગાર, મળતરો, બીજા અનુલાભો અને ભથ્થાં અને સેવાની બોલીઓ અને શરતો અધ્યાદેશ દ્વારા ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) રજિસ્ટ્રાર વિશ્વવિદ્યાલયના પૂર્ણકાલિક પગારદાર અધિકારી રહેશે અને તે, કુલપતિની સીધી દેખરેખ, દોરવણી અને નિયંત્રણ હેઠળ કામ કરશે.

(૪) રજિસ્ટ્રારની નિમણૂક પાંચ વર્ષની મુદત માટે થશે અને તેઓ પુનઃનિયુક્તિ માટે વધુ પાંચ વર્ષની મુદતને પાત્ર રહેશે.

(૫) રજિસ્ટ્રારની જગા કોઈપણ કારણસર ખાલી પડે અથવા રજિસ્ટ્રાર માંદગીના કારણે અથવા ગેરહાજરી અથવા બીજા કોઇ કારણસર પોતાની હોદ્દાની ફરજો બજાવવા માટે અસમર્થ બને, ત્યારે રજિસ્ટ્રાર ફરી ફરજ પર હાજર ન થાય ત્યાં સુધી, કુલપતિ, વિશ્વવિદ્યાલયના વરિષ્ઠ અધિકારીને રજિસ્ટ્રાર તરીકે કાર્યકારી ફરજ બજાવવા નીમશે.

(૬) રજિસ્ટ્રાર, હોદ્દાની રૂએ જનરલ કાઉન્સિલ, એક્ઝિક્યુટીવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલના સચિવ રહેશે.

(૭) રજિસ્ટ્રાર, વિશ્વવિદ્યાલયના અધ્યાપકો, વેકેશન ન ભોગવતા શૈક્ષણિક કર્મચારી-વર્ગ અને સહાયક રજિસ્ટ્રારની કક્ષાના અધિકારીઓ અને તેને સમકક્ષ કક્ષાનો અથવા તેનાથી ઉપરનો કક્ષાનો હોદ્દો ધરાવતા બીજા અધિકારીઓ સિવાયના કર્મચારીગણના નિમણૂક અને શિસ્ત સત્તાધિકારી રહેશે.

(૮) વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળોના નિર્ણયને અધીન રહીને, રજિસ્ટ્રારને, યુનિવર્સિટી વતી કરાર કરવાની, દસ્તાવેજોમાં સહી કરવાની અને રેકર્ડ અધિકૃત કરવાની સત્તા રહેશે.

(૯) રજિસ્ટ્રાર, વિશ્વવિદ્યાલયના રેકર્ડ, સામાન્ય સીલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પોતાના હવાલે સોંપે તેવી, વિશ્વવિદ્યાલયની બીજી મિલકતોના કસ્ટોડિયન ગણાશે.

(૧૦) રજિસ્ટ્રાર, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી અથવા કુલપતિ દ્વારા વખતોવખત તેમને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

નાણા અને હિસાબી અધિકારી.

૧૭. (૧) નાણા અને હિસાબી અધિકારીની નિમણૂક, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી રીતે કુલપતિ દ્વારા કરવામાં આવશે અને તે (સ્ટેચ્યુટથી) ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૨) નાણા અને હિસાબી અધિકારીની લાયકાત, પગાર, ભથ્થાં, મહેનતાણું, બીજા અનુલાભો અને સુવિધાઓ અને સેવાની બોલીઓ અને શરતો, મુદત સ્ટેચ્યુટ દ્વારા ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) નાણા અને હિસાબી અધિકારીનો હોદ્દો ખાલી હોય, ત્યારે અથવા નાણા અને હિસાબી અધિકારી માંદગી, ગેરહાજરી અથવા અન્ય કારણસર પોતાના હોદ્દાની ફરજો બજાવવા અસમર્થ હોય ત્યારે, કુલપતિ આ હેતુ માટે નીમે તેવી વ્યક્તિ હોદ્દાની ફરજો બજાવશે.

(૪) નાણા અને હિસાબી અધિકારી-

(ક) વિશ્વવિદ્યાલયના ફંડ ઉપર સામાન્ય દેખરેખ રાખશે અને તેની નાણાકીય નીતિના સંબંધમાં સલાહ આપશે; અને

(ખ) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા પોતાને સોંપાય તેવા બીજા નાણાકીય કાર્યો કરશે:

## પ્રકરણ ૪

## વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળો

વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળો.

૧૮. વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળો નીચે પ્રમાણે રહેશે:

(૧) જનરલ કાઉન્સિલ;

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ;

(૩) એકેડેમિક કાઉન્સિલ;

(૪) નાણા સમિતિ; અને

(૫) વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળો તરીકે સ્ટેચ્યુટથી જાહેર કરવામાં આવે તેવા વિશ્વવિદ્યાલયના બીજા અધિકારીમંડળો.

૧૯. (૧) જનરલ કાઉન્સિલ વિશ્વવિદ્યાલયનું સર્વોચ્ચ અધિકારીમંડળ ગણાશે. જનરલ કાઉન્સિલ.

(૨) જનરલ કાઉન્સિલ નીચેના સભ્યોનું બનશે:-

(૧) કુલાધિપતિ, જેઓ જનરલ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે રહેશે;

(૨) કુલપતિ;

(૩) શિક્ષણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજય;

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી, ગુજરાત રાજય;

(૫) મહિલા અને બાળ-વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી, ગુજરાત રાજય;

(૬) કારોબારી અધ્યક્ષ, ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગ;

(૭) અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા તેના નામનિયુક્ત;

(૮) મુખ્ય સચિવ, ગુજરાત સરકાર;

(૯) ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગ અથવા નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૦) ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગના સભ્યો;

(૧૧) ગુજરાત સરકારના સચિવ, પ્રાથમિક શિક્ષણ અથવા નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૨) ગુજરાત સરકારના સચિવ, મહિલા અને બાળ-વિકાસ વિભાગ અથવા નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૩) કુલપતિ, આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.

(૧૪) નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજયુકેશનના અધ્યક્ષ અથવા તેમના નામનિયુક્ત;

(૧૫) ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજય અથવા સંયુક્ત નિયામકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૬) સ્કૂલ કમિશનર, ગુજરાત રાજય અથવા સંયુક્ત નિયામકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૭) આરોગ્ય કમિશનર, ગુજરાત રાજય અથવા સંયુક્ત નિયામકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત;

(૧૮) મહાનિયામક;

(૧૯) નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર;

(૨૦) અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર;

(૨૧) વિશ્વવિદ્યાલયના તમામ નિયામકો;

(૨૨) મહાનિયામક, નેશનલ કેડેટ કોર્પ્સ હેડ ક્વાર્ટર, અમદાવાદ;

(૨૩) યુનિસેફના નિયામક, ગુજરાત કચેરી, ગાંધીનગર;

(૨૪) ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સના રાજ્ય મુખ્ય કમિશનર, ગુજરાત રાજ્ય;

(૨૫) પ્રાધ્યાપક અને વડા, માનવ વિકાસ અને પરિવાર કલ્યાણ વિભાગ, મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી, વડોદરા;

(૨૬) પ્રાધ્યાપક અને વડા, બાળરોગ વિભાગ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ;

(૨૭) પ્રયોગાત્મક અથવા નવતર શિક્ષણના રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના બે અગ્રણી;

(૨૮) એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તમામ સભ્યો;

(૨૯) રાજ્ય સરકારે, નામનિયુક્ત કરેલા પાંચ સભ્યો, જેમાં નામાંકિત શિક્ષણશાસ્ત્રીઓ, વિદ્વાનો, સામાજિક કાર્યકરો અથવા ઉદ્યોગ અને વ્યવસાયોના પ્રતિનિધિઓનો સમાવેશ થશે;

(૩૦) રજિસ્ટ્રાર, જનરલ કાઉન્સિલના સભ્ય-સચિવ તરીકે રહેશે.

(૩) હોદ્દાની રૂએ હોય તે સિવાયના સભ્યોની મુદત પાંચ વર્ષની રહેશે.

(૪) જનરલ કાઉન્સિલ વર્ષ દરમિયાન ઓછામાં ઓછી એક વખત મળશે.

(૫) જનરલ કાઉન્સિલનું કોરમ (ગણપૂર્તિ), તેના સભ્યોની કુલ સંખ્યાના એક તૃતિયાંશ કરતાં ઓછું હોવું જોઇશે નહિ.

૨૦. જનરલ કાઉન્સિલની સત્તા અને કાર્યો નીચે પ્રમાણે રહેશે:- જનરલ કાઉન્સિલની સત્તા અને કાર્યો.

(૧) વિશ્વવિદ્યાલયની વ્યૂહાત્મક યોજના, કેલેન્ડર (શૈક્ષણિક) મંજૂર કરીને તેમાં શેરો કરવો અને વિશ્વવિદ્યાલયની કામગીરીનું સમયાંતરે દેખરેખ-નિયમન કરવું;

(૨) સામાન્યતઃ વિશ્વવિદ્યાલયના કામકાજ અંગે અને ખાસ કરીને વિશ્વવિદ્યાલયના સંસાધનોના સંચાલન અંગે, વાર્ષિક અહેવાલ તૈયાર કરવો અને રાજ્ય સરકારને રજૂ કરવો;

(૩) વિશ્વવિદ્યાલયે એકેડેમિક કાઉન્સિલ સાથે વિચારવિનિમય કરીને, વિશ્વવિદ્યાલયે આપવાના શૈક્ષણિક પુરસ્કારો, પદવીઓ, ડિપ્લોમા, પ્રમાણપત્રો, ફી કન્સેશન (ફીમાં રાહત), અધ્યેતાવૃત્તિ અને શિષ્યવૃત્તિ નક્કી કરવા; અને

(૪) વિશ્વવિદ્યાલય કાર્યક્ષમ કામગીરી માટે જરૂરી હોય તેવી બીજી સત્તા વાપરવી અને તેવા બીજા કાર્યો કરવા.

૨૧. એકિઝકયુટિવ કાઉન્સિલ, વિશ્વવિદ્યાલયનું મુખ્ય કારોબારી મંડળ ગણાશે અને તે નીચેના સભ્યોની બનશેઃ- એકિઝકયુટિવ કાઉન્સિલ.

(૧) કુલપતિ, હોદાની રૂએ અધ્યક્ષ;

(૨) ગુજરાત સરકારના સચિવ, ઉચ્ચ શિક્ષણ અથવા નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુકત;

(૩) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ અથવા નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુકત;

(૪) ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગુજરાત રાજય અથવા સંયુકત નિયામકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુકત;

(૫) મહાનિયામક;

(૬) કુલપતિએ નામનિયુક્ત કરવાના એકેડેમિક કાઉન્સિલના બે સભ્યો;

(૭) જનરલ કાઉન્સિલના સભ્યોમાંથી રાજય સરકારે નામનિયુકત કરવાના ચાર સભ્યો;

(૮) નાણા અને હિસાબી અધિકારી;

(૯) રજિસ્ટ્રાર સભ્ય-સચિવ તરીકે રહેશે.

૨૨. (૧) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સત્તા અને કાર્યો નીચે પ્રમાણે રહેશેઃ- [એકિ]ઝકયુટિવ [કાઉન્]સિલની [સત્તા] અને [કાર્યો].

(ક) વિશ્વવિદ્યાલય વતી કરારો કરવા, તેમાં ફેરફાર કરવા, હાથ ધરવા અને તે રદ કરવા બાબત;

(ખ) વિશ્વવિદ્યાલય માટે સામાન્ય સીલનું સ્વરૂપ નક્કી કરવું અને તેની કસ્ટડી અને તેના ઉપયોગની જોગવાઈ કરવી;

(ગ) વિશ્વવિદ્યાલય વતી ટ્રસ્ટ (જવાબદારીઓ), વસિયત, દાન સ્વીકારવા અને કોઈપણ સ્થાવર અથવા જંગમ મિલકત તબદીલ કરવી;

(ઘ) વિશ્વવિદ્યાલય વતી કોઈપણ સ્થાવર મિલકત વેચાણથી અથવા અન્યથા તબદીલ કરવી;

(ચ) નાણા સમિતિએ ભલામણ કર્યા પ્રમાણે, વિશ્વવિદ્યાલય વતી ફંડ ઉછીના લેવા, ઉછીનું આપવા અથવા તેના રોકાણ કરવા;

(છ) ચોક્કસ હેતુઓ માટે વિશ્વવિદ્યાલય પાસે ઉપલભ્ય ફંડનો વહીવટ કરવા માટેની નીતિ ઠરાવવી;

(જ) વિશ્વવિદ્યાલયના કામકાજના સંચાલન માટે જરૂરી મકાનો, જગાઓ, રાચરચીલું, ઉપકરણ અને બીજા સાધનો માટે જોગવાઇઓ કરવી;

(ઝ) વિશ્વવિદ્યાલયની અસ્કયામતો અને મિલકતો ધરાવવી , તેની ઉપર નિયંત્રણ રાખવું અને તેના વહીવટ માટે વ્યવસ્થા કરવી;

(ટ) નાણા સમિતિ તરફથી મળેલા વાર્ષિક હિસાબો અને બજેટ અંદાજોને મંજૂર કરવા;

(ઠ) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત મંજૂર કરાયેલી સેવાની બોલીઓ અને શરતો અને બીજી માર્ગદર્શિકાઓ ઠરાવવી; અને વિશ્વવિદ્યાલય/કોલેજ અધ્યાપકો અને નોન-વેકેશન શૈક્ષણિક સ્ટાફની નિમણૂક માટે કાર્યરીતિ ઠરાવવી અને તેના મળતરો અને કાર્યભારના ધોરણો, વર્તણૂક અને શિસ્ત નકકી કરવા;

(ડ) રાજ્ય સરકારની પૂર્વમંજૂરીને અધીન રહીને, વિશ્વવિદ્યાલયના અધ્યાપકો, અધિકારીઓ, વેકેશન ન ભોગવતો શૈક્ષણિક સ્ટાફ અને વિશ્વવિદ્યાલયના બીજા કર્મચારીઓની જગ્યાઓ ઊભી કરવી;

(ઢ) વિશ્વવિદ્યાલયની કાર્યક્ષમ કામગીરી માટે જરૂરી હોય તેવી બીજી સત્તા વાપરવી અને તેવા બીજા કાર્યો કરવા.

એકેડેમિક કાઉન્સિલ.

૨૩. એકેડેમિક કાઉન્સિલ નીચેના સભ્યોની બનશેઃ-

(૧) કુલપતિ, હોદ્દાની રૂએ અધ્યક્ષ;

(૨) મહાનિયામક;

(૩) વિશ્વવિદ્યાલયના તમામ નિયામકો;

(૪) વિશ્વવિદ્યાલયના તમામ પ્રાધ્યાપકો અથવા પ્રાધ્યાપકોના દરજ્જાના સંસ્થાઓના વડાઓ;

(૫) વિશ્વવિદ્યાલયના તમામ સહાયક મહાનિયામકો;

(૬) સંલગ્ન થયેલા, માન્યતાપ્રાપ્ત અને મંજૂર કરેલા ભવનો અથવા સંસ્થાઓના વડા;

(૭) રિસર્ચ કાઉન્સિલમાં નામનિયુક્ત થયેલા તમામ વિદ્વાનો;

(૮) એમ.ફીલ., પી.એચ.ડી. અને ડોકટોરલની પદવીને લગતા સંશોધન કાર્ય માટે વિશ્વવિદ્યાલયમાં રજિસ્ટર થયેલા તમામ વિદ્વાનો;

(૯) વિશ્વવિદ્યાલયના તમામ અધ્યેતાઓ;

(૧૦) તરત અગાઉના વર્ષમાં સપ્તધારામાંની કોઇ પ્રવૃત્તિમાં તેમની ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાનમાં લઇને તેમની ઉત્કૃષ્ટતાને આધારે કુલપતિ દ્વારા નામનિયુક્ત કરેલા ત્રણ વિદ્યાર્થીઓ;

(૧૧) રજિસ્ટ્રાર, સભ્ય-સચિવ તરીકે રહેશે.

એકેડેમિક કાઉન્સિલની સત્તા અને કાર્યો.

૨૪. એકેડેમિક કાઉન્સિલની સત્તા અને કાર્યો નીચે પ્રમાણે રહેશે:-

(૧) પદવીઓ, ડિપ્લોમા, પ્રમાણપત્રો શરૂ કરવા માટે તેમજ અન્ય યુનિવર્સિટીઓ, માન્ય અભ્યાસમંડળો અને પરીક્ષા મંડળોની પદવીઓ, ડિપ્લોમા પ્રમાણપત્રોની સાથે પોતાની પદવીઓ, ડિપ્લોમા, પ્રમાણપત્રોની સમકક્ષતા જરૂરી જણાય તો તેમ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનોની પણ ભલામણ કરવી;

(૨) અધ્યેતાવૃત્તિઓ, પ્રવાસી અધ્યેતાવૃત્તિઓ, વિદ્વત્તાવૃત્તિઓ, છાત્રવૃત્તિઓ, ચંદ્રકો અને પુરસ્કારો માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને દરખાસ્ત કરવી અને તે એનાયત કરવા માટેના વિનિયમો બનાવવા;

(૩) ભવનો અથવા સંસ્થાઓને જોડાણ અને માન્યતા આપવી;

(૪) જનરલ કાઉન્સિલ દ્વારા નીમાયેલી સમિતિઓની ભલામણો ઉપર સંશોધન અથવા વિશેષિત અભ્યાસો માટેની સંસ્થાઓને માન્યતા આપવી;

(૫) વિશ્વવિદ્યાલયને તમામ શૈક્ષણિક બાબતો ઉપર સલાહ આપવી અને શૈક્ષણિક કેલેન્ડરની વિગતો અને શૈક્ષણિક કાર્યક્રમો પરનો શકયતા અહેવાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવો;

(૬) વિશ્વવિદ્યાલયમાં સંશોધનના ક્ષેત્રો નકકી કરવા તેમજ સંશોધનને ઉત્તેજન આપવું;

(૭) શૈક્ષણિક નિમણૂકો સૂચવવી;

(૮) મુલાકાતી પ્રાધ્યાપકો માટે ભલામણ કરવી;

(૯) વિશિષ્ટ પરિસંવાદો, અધિવેશનો અને કાર્યશાળાઓ સૂચવવી અને તેનું આયોજન કરવું;

(૧૦) શૈક્ષણિક અને સંશોધન કાર્યક્રમો અને વિશ્વવિદ્યાલયની બીજી પ્રવૃત્તિઓના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે અપનાવેલા ઠરાવોનો અમલ કરવો;

(૧૧) નિર્દિષ્ટ હેતુઓ માટે પોતે નક્કી કરે તેવી રીતે સમિતિઓની રચના કરવી અને સમિતિના સભ્યોમાંથી કોઇ એકને અધ્યક્ષ તરીકે મુકરર કરવા;

(૧૨) વાર્ષિક અહેવાલ, વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ વિચારણામાં લઇને મંજૂરી માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને મોકલવા;

(૧૩) અધ્યાદેશો કરવા, સુધારવા અથવા રદ કરવાની હોય તે સિવાયની પોતાની સત્તા પૈકીની કોઇ સત્તા, પોતે યોગ્ય ગણે તેવા વિશ્વવિદ્યાલયના અધિકારી અથવા અધિકારીમંડળને અથવા પોતે નીમેલી સમિતિને સોંપવી;

(૧૪) વિશ્વવિદ્યાલયમાં અધ્યાપકીય જગ્યાઓ ઊભી કરવા, નાબૂદ કરવા અથવા વર્ગીકૃત કરવા અને લાયકાતો, મળતરો અને તેની સાથે જોડાયેલી ફરજોના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણો કરવી;

(૧૫) સંશોધનના કેન્દ્રો, કાઉન્સિલ અને વિભાગો, ભવનો અથવા અન્ય સંસ્થાઓ અને વિશેષિત સંસ્થાઓના તંત્ર માટે યોજનાઓ ઘડવી, સુધારવી અથવા તેમાં ફેરફાર કરવો અને તેમને તેમના સંબંધિત વિષયો સોંપવા અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને તેની મંજૂરી માટે રિપોર્ટ પણ કરવો;

(૧૬) વિભાગો, કેન્દ્રો, કાઉન્સિલો અને બીજા માન્યતા પ્રાપ્ત ભવનો દ્વારા રજૂ થયેલી દરખાસ્તોની વિચારણા કરવી;

(૧૭) પરીક્ષકોની નિમણૂક અને તેમની ફી, મળતરો અને મુસાફરી અને અન્ય ખર્ચનિયત કરવાના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણો કરવી;

(૧૮) પરીક્ષાઓ યોજવા માટે પ્રબંધ કરવો અને આવી પરીક્ષાઓ માટેની તારીખો નિયત કરવી;

(૧૯) પરીક્ષાઓના પરિણામો જાહેર કરવા અથવા આવા પરિણામની જાહેરાત માટે સમિતિઓ અથવા અધિકારીઓ નીમવા અને પદવીઓ, માન, ડિપ્લોમા, પ્રમાણપત્રો, ઈલકાબો એનાયત કરવા અને માન-ચિહ્નો આપવાના સંદર્ભે ભલામણો કરવી;

(૨૦) આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઈઓ અમલમાં લાવવા માટે શૈક્ષણિક બાબતોના સંબંધમાં જરુરી જણાય એવી બધી ફરજો બજાવવી અને એવા બધા કાર્યો કરવા.

૨૫. (૧) એકેડેમિક કાઉન્સિલની બેઠક, જરુરી જણાય તેટલી વખત, પરંતુ ઓછામાં ઓછું છ મહિનામાં એક વખત મળશે. એકેડેમિક કાઉન્સિલની બેઠકો.

(૨) કુલપતિ અથવા તેની ગેરહાજરીમાં મહાનિયામક, એકેડેમિક કાઉન્સિલની બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે.

(૩) એકેડેમિક કાઉન્સિલની બેઠક ઠરાવવામાં આવે તેવા સમયે અને તેવા સ્થળે તેટલી મુદતની નોટિસ આપીને મળશે અને પોતાની બેઠકમાં, આવી બેઠકના કોરમ સહિત પોતાના કામકાજના સંબંધમાં ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિના નિયમોનું પાલન કરશે.

(૪) કોઇ તાત્કાલિક કાર્યવાહી જરુરી હોય ત્યારે, કુલપતિ, એકેડેમિક કાઉન્સિલના સભ્યો વચ્ચે પરિપત્ર પાઠવીને બહુમતી સભ્યોની સંમતિથી, કામકાજ ચલાવવાની મંજૂરી આપી શકશે. પરિપત્રથી મંજૂર કર્યા પ્રમાણે એવી રીતે લીધેલું પગલું એકેડેમિક કાઉન્સિલની આગામી બેઠક સમક્ષ મૂકવું જોઇશે.

૨૬. (૧) નાણા સમિતિ નીચેના સભ્યોથી બનશેઃ- નાણા સમિતિ.

(૧) કુલપતિ,

(૨) મહાનિયામક,

(૩) રજિસ્ટ્રાર,

(૪) નાણા અને હિસાબી અધિકારી,

(૫) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા નામનિયુક્ત કરવાનો તેનો એક સભ્ય,

(૬) રાજ્ય સરકાર દ્વારા નામનિયુક્ત કરવાનો એક સભ્ય.

(૨) હોદ્દાની રૂએ હોય તે સિવાયના સભ્યોની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૩) સભ્ય, એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો સભ્ય હોતો બંધ થાય તો, તે નાણા સમિતિનો સભ્ય હોતો બંધ રહેશે.

નાણા સમિતિની સત્તા અને કાર્યો.

૨૭. (૧) નાણા સમિતિને નીચેની સત્તા રહેશે અને તે નીચેના કાર્યો બજાવશે:-

(ક) વિશ્વવિદ્યાલયના વાર્ષિક બજેટની તપાસણી અને ચકાસણી કરવી અને નાણાકીય બાબતો ઉપર એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણો કરવી;

(ખ) નવા ખર્ચને લગતી તમામ દરખાસ્તો પર વિચારણા કરવી અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણો કરવી;

(ગ) હિસાબોના મુદતી પત્રકો પર વિચારણા કરવી અને વિશ્વવિદ્યાલયની નાણાકીય સ્થિતિનું વખતોવખત પુનર્વિલોકન કરવું, વિશ્વવિદ્યાલયના વાર્ષિક હિસાબો અને સરવૈયાની અને ઓડિટ કરેલા પત્રકો અને ઓડિટ રિપોર્ટ પર વિચારણા કરવી અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને તે અંગે ભલામણો કરવી;

(ઘ) વિશ્વવિદ્યાલયને અસર કરતી કોઈપણ નાણાકીય બાબત અંગે આપમેળે અથવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સંદર્ભ કર્યેથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સલાહ આપવી અને ભલામણો કરવી.

(૨) નાણા સમિતિ દરેક છ મહિનામાં ઓછામાં ઓછું એક વખત મળશે. નાણા સમિતિના ત્રણ સભ્યોથી બેઠકનું કોરમ બનશે.

(૩) કુલપતિ, અથવા તેમની ગેરહાજરીમાં મહાનિયામક નાણા સમિતિની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે.

(૪) વિશ્વવિદ્યાલયનો વાર્ષિક અહેવાલ નાણા સમિતિની દોરવણી હેઠળ તૈયાર કરવો જોઈશે અને પોતાની ટિપ્પણી સાથે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ઠરાવવામાં આવે તેવી તારીખે અથવા તે પહેલા સાદર કરવો જોઈશે અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પોતાની વાર્ષિક બેઠકમાં તેની પર વિચારણા કરવી જોઈશે.

વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળોના સભ્યપદ માટેની ગેરલાયકાતો.

૨૮. (૧) એવી કોઇ વ્યકિત, જે ,-

(ક) અસ્થિર મગજની હોય અને સક્ષમ કોર્ટે તેને તે રીતે જાહેર કરી હોય;

(ખ) દેવામુક્ત નહિ થયેલ નાદાર હોય;

(ગ) નૈતિક અધઃપતન સાથે સંકળાયેલા ગુનામાં દોષિત ઠરેલી હોય;

(ઘ) ખાનગી ટ્યુશનો અથવા ખાનગી કોચિંગ કલાસનું સંચાલન કરતી હોય અથવા પોતે તેમાં રોકાયેલી હોય;

(ચ) કોઇ પણ પરીક્ષાના સંચાલન દરમ્યાન, ગમે તે સ્વરૂપે, કોઇપણ સ્થળે, ગેરરીતિ આચરવામાં અથવા ગેરવાજબી પ્રણાલી માટે સજા ભોગવી ચૂકી હોય;

(છ) પરીક્ષા સંબંધી એવી કોઇપણ ગોપનીય જાણકારી જે પોતાના હોદ્દાની હેસિયતને લીધે પોતાના કબજામાં આવ્યે તેને જાહેર કરે અથવા કરાવે

તે, વિશ્વવિદ્યાલયના કોઇપણ અધિકારીમંડળના સભ્ય તરીકે નિયુક્ત થવા માટે અથવા સભ્ય બનવા માટે ગેરલાયક ઠરશે.

## પ્રકરણ ૫

## રિસર્ચ કાઉન્સિલ અને સંશોધન વિભાગ

**રિસર્ચ કાઉન્સિલની રચના અને કાર્યો.**

૨૯. (૧) બાળકોને લગતા જ્ઞાન અને બાળ મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન અને તે પ્રકારના વિવિધ વિષયોમાં સંશોધન માટે, સંશોધન કેન્દ્રના નિયંત્રણ હેઠળ, જરૂરી હોય તેવી વિવિધ કાઉન્સિલો ઊભી કરવામાં આવશે.

(૨) દરેક રિસર્ચ કાઉન્સિલ, તેના અધ્યક્ષ તરીકે કુલપતિ, તેના ઉપાધ્યક્ષ તરીકે મહાનિયામક અને પ્રાધ્યાપકથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા નિયામકથી બનશે; નિયામક તેના સભ્ય-સચિવ તરીકે કાર્ય કરશે.

(૩) દરેક રિસર્ચ કાઉન્સિલ સંશોધન વિભાગના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્ય-સચિવ અને ડીને નામનિયુક્ત કરેલા અને એકેડેમિક કાઉન્સિલે માન્ય કરેલા ચાર વિદ્વાનોની બનશે.

(૪) વિદ્વાનો, જે વિષય માટે કાઉન્સિલની રચના કરવામાં આવી હોય તે વિષયમાંના નામાંકિત શિક્ષણશાસ્ત્રી હોવા જોઇશે અને તેમની ભૂમિકા નિષ્ણાત સલાહ આપવાની રહેશે જેથી કરીને કાઉન્સિલના સંશોધન કાર્યને ઉત્તેજન આપી શકાય.

(૫) દરેક કાઉન્સિલના વિદ્વાનો કોઇ પગાર અથવા મળતરો મેળવવાને હકદાર થશે નહિ પરંતુ બેઠકમાં હાજરી આપવા તેમજ પોતાની કામગીરી બજાવવા માટે જરૂરી તેવી દરેક મુલાકાત માટેની મુસાફરી, હેરફેર અને રોકાણ માટે વિશ્વવિદ્યાલયના વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી મેળવવાને પાત્ર થશે.

(૬) કાઉન્સિલની બેઠક કાઉન્સિલ પોતે જરૂરી ગણે તેવા સમયે અને તેવા સ્થળે મળશે અને તે બેઠકમાં પોતાના કામકાજના સંચાલન સંબંધી કાર્યરીતિના એવા નિયમોનું પાલન કરશે.

(૭) રિસર્ચ કાઉન્સિલમાં તેમજ સંશોધનના વિભાગોમાં સંશોધન માટે, પચીસથી વધુ નહિ તેટલા અધ્યેતાઓ માટે અધ્યેતાવૃત્તિની જોગવાઇ રહેશે.

(૮) એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિ દ્વારા અધ્યેતાની પસંદગી કરવામાં આવશેઃ

પરંતુ એમ.ફીલ.અને પી.એચ.ડી. સંશોધન કાર્ય માટે વિશ્વવિદ્યાલયમાં દાખલ થયેલા જુનિયર રિસર્ચ અધ્યેતા માટે બાર અધ્યેતાવૃત્તિ એનાયત કરવી જોઇશે:

વધુમાં, નામાંકિત શિક્ષણવિદ્દોમાંથી પસંદગી પામેલા એક અધ્યેતાને રાષ્ટ્રિય અધ્યેતાવૃત્તિ એનાયત કરવી જોઇશે અને બાકીની બાર અધ્યેતાવૃત્તિઓ વિશ્વવિદ્યાલયના સહ પ્રાધ્યાપકો અને મદદનીશ પ્રાધ્યાપકોના દરજ્જાના નામાંકિત શિક્ષણવિદ્દોને સિનિયર અધ્યેતાવૃત્તિ એનાયત કરવામાં આવશે.

(૯) દરેક અધ્યેતાએ રિસર્ચ કાઉન્સિલ અને સંશોધનના વિભાગોની વિષયવસ્તુ સંબંધી કોઇપણ વિષયમાં સંશોધન કાર્ય કરવું જોઇશે અને જરૂરી જણાય ત્યારે વિશ્વવિદ્યાલયમાં વ્યાખ્યાન આપવા જોઇશે.

(૧૦) અધ્યેતાની મુદત બે વર્ષની રહેશે જેની અંદર, પોતાને સોંપાયેલા વિષય પર અધ્યેતાવૃત્તિનો મહાનિબંધ લખવાનો રહેશે:

એકેડેમિક કાઉન્સિલ એક વર્ષ સુધી મુદત લંબાવી શકશે.

(૧૧) અધ્યેતાને ચુકવવાપાત્ર પગાર અને ભથ્થાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અધ્યેતાવૃત્તિની યોજના અનુસાર વિશ્વવિદ્યાલયના વિનિયમો દ્વારા નક્કી કરવામાં આવે તેટલી રહેશે.

સંશોધન વિભાગની રચના અને તેના કાર્યો.

૩૦. (૧) સંશોધન કેન્દ્રના નિયંત્રણ અને સંચાલન હેઠળ સંશોધનના અમુક વિભાગોની સ્થાપના કરવામાં આવશે. સંશોધનના દરેક વિભાગને એક પ્રાધ્યાપક રહેશે જે નિયામક ગણાશે અને તે, એકેડેમિક કાઉન્સિલ જરૂરી ગણે તેમ બેથી વધુ નહિ અને ત્રણથી ઓછા નહિ તેટલા સહાયક પ્રાધ્યાપકો ધરાવશે.

(૨) સંશોધનનો દરેક વિભાગ સંશોધન કાર્ય ઉપરાંત શિક્ષણના કેન્દ્રમાં અને વિસ્તરણ સેવાઓના કેન્દ્રમાં પ્રશિક્ષણ માટે જવાબદાર ગણાશે.

(૩) સંશોધન વિભાગનો દરેક શૈક્ષણિક સભ્ય એકેડેમિક કાઉન્સિલે પોતાને સોંપેલા વિષય ઉપર મહાનિબંધ લખવા માટે જવાબદાર ગણાશે. મહાનિબંધ એકેડેમિક કાઉન્સિલ સમક્ષ બે વર્ષના સમયાંતરે રજૂ કરવાનો રહેશે, તે રજૂ ન થયે એકેડેમિક કાઉન્સિલના મૂલ્યાંકન કાર્યક્રમમાં તેની નોંધ લેવામાં આવશે.

## પ્રકરણ ૬

## નાણા

વિશ્વવિદ્યાલય ફંડ.

૩૧. (૧) વિશ્વવિદ્યાલય, વિશ્વવિદ્યાલય ફંડ નામનું એક ફંડ સ્થાપશે.

(૨) વિશ્વવિદ્યાલય ફંડ નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચેનું આપી શકાશે:-

(૧) રાજય સરકાર, કેન્દ્ર સરકાર અથવા કેન્દ્ર સરકારની એજન્સી તરફથી મળેલો કોઇ ફાળો કે ગ્રાન્ટ;

(૨) કોઇ ખાનગી વ્યકિત અથવા સંસ્થા તરફથી મળેલું વસિયતી દાન, દેણગી અથવા અન્ય ગ્રાન્ટ;

(૩) આમાં ફી અને ચાર્જની આવક સહિત તમામ સ્ત્રોતમાંથી વિશ્વવિદ્યાલયને મળેલી આવક;

(૪) અન્ય કોઇ સ્ત્રોતમાંથી મળેલી રકમ.

સન ૧૯૩૪નો રજો. (૩) વિશ્વવિદ્યાલય ફંડ ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઇ અનુસૂચિત બેંકમાં અથવા રાજય સરકારે તે હેતુ માટે માન્ય કરેલી કોઇ સહકારી બેંકમાં રાખવા જોઇશે.

(૪) વિશ્વવિદ્યાલય ફંડનો ઉપયોગ સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવા હેતુઓ માટે અને તેવી રીતે કરવો જોઇશે.

૩૨. અધિનિયમ અથવા વિનિયમોમાં કંઇપણ મજકૂર હોય તેમ છતાં, વિશ્વવિદ્યાલયને જયારે પણ કોઇ સરકાર અથવા વિશ્વવિદ્યાલયે અમલમાં મૂકવા માટેની યોજના પુરસ્કૃત કરતી બીજી એજન્સી તરફથી ફંડ મળે ત્યારે,- પુરસ્કૃત યોજનાનું ફંડ.

(૧) મળેલી રકમ વિશ્વવિદ્યાલયે અલગ ખાતામાં રાખવી જોઇશે અને તેનો ઉપયોગ યોજનાના હેતુ માટે કરવો જોઇશે; અને

(૨) આવી યોજના અમલમાં મૂકવા માટે જરૂરી સ્ટાફની નિમણૂક યોજના પુરસ્કૃત કરતી સંસ્થાએ નિયત કરેલી બોલીઓ અને શરતો અનુસાર કરવી જોઇશે.

૩૩. (૧) વિશ્વવિદ્યાલયના વાર્ષિક હિસાબો અને સરવૈયું એકિઝકયુટિવ કાઉન્સિલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવું જોઇશે અને રાજય સરકારે નીમેલા ઓડીટર દ્વારા દર વર્ષે ઓડીટ કરાવવું જોઇશે. હિસાબો, ઓડીટ અને વાર્ષિક અહેવાલ.

(૨) વાર્ષિક હિસાબો, સરવૈયું અને ઓડિટ અહેવાલ એકિઝકયુટિવ કાઉન્સિલ દ્વારા પોતાની વાર્ષિક બેઠકમાં વિચારણામાં લેવો જોઇશે અને તે, તેના અનુસંધાનમાં ઠરાવ કરીને નાણા સમિતિને તેની જાણ કરશે.

(૩) વિશ્વવિદ્યાલયે વાર્ષિક હિસાબો અને સરવૈયાની નકલ તેની પરના ઓડીટ રિપોર્ટ સહિત વિશ્વવિદ્યાલયે સદરહુ રિપોર્ટ પર લીધેલા પગલાના નિવેદન સહિત રાજય સરકારને સાદર કરવો જોઇશે.

(૪) રાજય સરકારે વાર્ષિક હિસાબો ઉપર કરેલા કોઇ અવલોકન વિશ્વવિદ્યાલયના ધ્યાને લાવવા જોઇશે અને આવા અવલોકન પરનો અનુપાલનનો રિપોર્ટ રાજય સરકારને સાદર કરવો જોઇશે.

(૫) એકિઝકયુટિવ કાઉન્સિલે આગામી વર્ષ માટેના નાણાકિય અંદાજો પણ સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલા તૈયાર કરવા જોઇશે. જનરલ કાઉન્સિલે પોતાની વાર્ષિક

બેઠકમાં વાર્ષિક હિસાબો અને નાણાકીય અંદાજો વિચારણામાં લેવા જોઇશે અને તે, પોતે યોગ્ય ગણે તેવા સુધારા સહિત તેને પસાર કરી શકશે.

## પ્રકરણ ૭

## સ્ટેચ્યુટ્સ, અધ્યાદેશો અને વિનિયમો

સ્ટેચ્યુટ. ૩૪. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, એકિઝકયુટિવ કાઉન્સિલ નીચે જણાવેલી તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબતોને લગતી જોગવાઇ કરવા માટે સ્ટેચ્યુટ કરી શકશેઃ-

(૧) માનદ્ પદવીઓ અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો એનાયત કરવા અને પરત ખેંચી લેવા;

(૨) પદવીઓ અને ડિપ્લોમા એનાયત કરવા માટે પદવીદાન સમારંભો યોજવા;

(૩) વિશ્વવિદ્યાલયના અધિકારીઓની સત્તા, ફરજો અને કાર્યો;

(૪) વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળોની રચના, તેની સત્તા અને તેની ફરજો;

(૫) વિશ્વવિદ્યાલયના વિભાગો, સંશોધન અથવા વિશેષિત અભ્યાસની સંસ્થાઓ, સંલગ્ન કોલેજોમાં અનુસ્નાતક કક્ષાના કેન્દ્રો અને છાત્રાલયો વિશ્વવિદ્યાલય દ્વારા શરૂ કરવા અને નિભાવવા;

(૬) વસિયતી દાન, દાન અને દેણગીનો સ્વીકાર અને તેનો વહીવટ;

(૭) વિશ્વવિદ્યાલય ફંડના ઉપયોગની રીત;

(૮) સ્નાતકોની નોંધણી અને નોંધાયેલા સ્નાતકોના રજિસ્ટરો જાળવવા;

(૯) વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળોની બેઠકમાં કોરમ સહિત, પોતાની બેઠકોમાં કામકાજના સંચાલન માટેની રીત અને નિયમો;

(૧૦) સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના પ્રાધ્યાપકો, રીડર્સ, વ્યાખ્યાતાઓ અને અધ્યાપકોની લાયકાતો ;

(૧૧) કોલેજમાં પ્રવેશ આપવાનો હોય તે વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા;

(૧૨) યોગ્ય અને પર્યાપ્ત ભૌતિક સુવિધાઓ જેવી કે ઇમારતો, પ્રયોગશાળાઓ, ગ્રંથાલય પુસ્તકો, અધ્યાપન અને સંશોધન માટે આવશ્યક સંસાધનો, છાત્રાલયો;

(૧૩) વિવિધ સંશોધન કાર્યક્રમોનું સંચાલન;

(૧૪) મહાનિયામક અને રજિસ્ટ્રાર, સહાયક મહાનિયામક અને નાણા અને હિસાબી અધિકારીની લાયકાત, પગાર, ભથ્થાં, મળતર અને સેવાની બીજી બોલીઓ અને શરતો;

(૧૫) રજિસ્ટ્રાર અને નાણા અને હિસાબી અધિકારીની નિમણૂકની પધ્ધતિ;

(૧૬) આગામી વર્ષના નાણાકીય અંદાજોની તૈયારી કરવી;

(૧૭) આ અધિનિયમથી અથવા તેની હેઠળ સ્ટેચ્યુટ્સથી ઠરાવવી જરૂરી હોય તેવી તમામ બાબતો.

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, આમાં હવે પછી જોગવાઇ કરેલી રીતે સ્ટેચ્યુટ કરી શકશે, સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

(૩) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આપમેળે અથવા વિશ્વવિદ્યાલયના બીજા કોઇ અધિકારીમંડળની દરખાસ્ત પર સ્ટેચ્યુટનો મુસદ્દો વિચારણામાં લઇ શકશે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, પોતે જરૂરી ગણે ત્યારે, વિચારણા માટે પોતાની સમક્ષ હોય તેવા સ્ટેચ્યુટના મુસદ્દાના સંબંધમાં વિશ્વવિદ્યાલયના કોઇપણ અધિકારી, અધિકારીમંડળ અથવા મંડળનો અભિપ્રાય પણ મેળવી શકશેઃ

પરંતુ આવો કોઇ સ્ટેચ્યુટનો મુસદ્દો શૈક્ષણિક બાબતોને લાગુ પડતો હોય ત્યારે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેને વિચારણામાં લેતા પહેલાં એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય મેળવવો જોઇશે.

(૪) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પસાર કરેલો દરેક સ્ટેચ્યુટ, કુલાધિપતિને રજૂ કરવો જોઇશે. જે તેને સંમતિ આપી શકશે અથવા પાછો ખેંચી શકશે અથવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને પુનઃવિચારણા માટે પરત મોકલી શકશે.

(૫) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પસાર કરેલો કોઇપણ સ્ટેચ્યુટ, કુલાધિપતિ સંમતિ ન આપે ત્યાં સુધી માન્ય ગણાશે નહિ અથવા અમલમાં આવી શકશે નહિ.

(૬) પૂર્વવર્તી જોગવાઈઓમાં કોઈપણ મજકૂર હોય તેમ છતાં, કુલાધિપતિ, પોતે નિર્દિષ્ટ કરેલી કોઇપણ બાબતના સંબંધમાં રાજય સરકારની સલાહ પર સ્ટેચ્યુટમાં જોગવાઇ કરવા વિશ્વવિદ્યાલયને આદેશ આપી શકશે અને તે મળ્યાના સાઠ દિવસની અંદર એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આવા આદેશનો અમલ કરવામાં ચૂક કરે તો, કુલાધિપતિ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલે આપેલા કારણો કોઇ હોય તો, તેને વિચારણામાં લીધા પછી, આવા આદેશનું પાલન કરવામાં તેની બિનકાર્યક્ષમતાના કારણે, રાજય સરકારે સલાહ આપ્યા પ્રમાણે સ્ટેચ્યુટ યોગ્ય કરી શકશે અથવા તેમાં સુધારો કરી શકશે.

૩૫. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને,એક્ઝિક્યુટિવ કાઉન્સિલ નીચેની અધ્યાદેશો. તમામ અથવા તે પૈકીની કોઇ બાબતોની જોગવાઇ કરવા માટે અધ્યાદેશો કરી શકશેઃ-

(૧) વિદ્યાર્થીઓને પદવીઓ, ડિપ્લોમા અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટેના અભ્યાસક્રમોમાં જેની હેઠળ પ્રવેશ આપવામાં આવશે તે શરતો બાબત;

(૨) પરીક્ષકોની નિમણૂક અને ફરજોનું નિયમન કરતી શરતો;

(૩) પરીક્ષાઓના સંચાલન બાબત;

(૪) વિશ્વવિદ્યાલયના અધ્યાપકોને માન્યતા બાબત;

(૫) વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓના નિવાસની શરતો, વર્તણૂક અને શિસ્ત બાબત;

(૬) છાત્રાલયોની માન્યતા બાબત;

(૭) સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ, મંજૂર કરેલી સંસ્થાઓ અને છાત્રાલયોની તપાસ બાબત;

(૮) કોલેજો અને માન્ય સંસ્થાઓએ અને મંજૂર કરેલી સંસ્થાએ વિદ્યાર્થીઓની તબદિલીના સંબંધમાં અનુસરવાના અને અમલ કરવાના નિયમો બાબત;

(૯) વિશ્વવિદ્યાલય માટે અથવા વિશ્વવિદ્યાલય વતી કરાર અથવા કબૂલાતનામા કરવાની રીત બાબત;

(૧૦) આ અધિનિયમથી અથવા તે હેઠળ જોગવાઇ કરવી જરૂરી હોય તેવી અન્ય તમામ બાબતો.

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આમાં હવે પછી જોગવાઈ કરેલી રીતે અધ્યાદેશો કરી શકશે, તેમાં સુધારા કરી શકશે અથવા તેને રદ કરી શકશે.

(૩) એકેડેમિક કાઉન્સિલે અધ્યાદેશનો મુસદ્દો સૂચિત ન કર્યો હોય ત્યાં સુધી, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, પેટા-કલમ (૧)ના ખંડો (૧) થી (૮)માં ઉલ્લેખેલી બાબતોના અથવા વિશ્વવિદ્યાલયની અંદર શિક્ષણ અને પરીક્ષાના સંબંધમાં કોઈ અધ્યાદેશ કરી શકશે નહિ.

(૪) એક્ઝિક્યુટિવ કાઉન્સિલને, પેટા-કલમ (૩) હેઠળ એકેડેમિક કાઉન્સિલે સૂચિત અધ્યાદેશનો કોઈ મુસદ્દો સુધારવાની સત્તા રહેશે નહિ પણ તે તેને નામંજૂર કરી શકશે અથવા પોતે સૂચવે તેવા કોઈ સુધારા સાથે તેની પર પુનઃ વિચારણા માટે અંશતઃ અથવા સમગ્રતઃ મુસદ્દો એકેડેમિક કાઉન્સિલને પરત મોકલી શકશે.

(૫) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે કરેલા તમામ અધ્યાદેશો, પોતે ફરમાવે તેવી તારીખથી અમલમાં આવશે પણ આવી રીતે કરેલો દરેક અધ્યાદેશ બે અઠવાડિયાની અંદર કુલાધિપતિ સમક્ષ રજૂ કરવાનો રહેશે. કુલાધિપતિને અધ્યાદેશ મળ્યાના ચાર અઠવાડિયાની અંદર તેનો અમલ મોકૂફ રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને બનતી ત્વરાએ આદેશ કરવાની સત્તા રહેશે અને તે અંગેના પોતાના વાંધાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જાણ કરશે. તે, એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ટિપ્પણીઓ મળ્યા પછી અધ્યાદેશને મોકૂફ રાખતો હુકમ પાછો ખેંચી શકશે અથવા અધ્યાદેશને નામંજૂર કરી શકશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

૩૬. આ અધિનિયમની જોગવાઇને અધીન રહીને, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબતની જોગવાઇ કરવા માટે આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશેઃ- વિનિયમો કરવાની સત્તા.

(૧) કલમ ૨૪ની પેટા-કલમ (૧૧) હેઠળ નિર્દિષ્ટ હેતુઓ માટે સમિતિઓની રચના અને આવી સમિતિના સભ્યોમાંથી અધ્યક્ષ મુકરર કરવા બાબત;

(૨) કલમ ૨૫ની પેટા-કલમ (૩) હેઠળ એકેડેમિક કાઉન્સિલની બેઠકોનો સમય, સ્થળ અને સમયગાળો અને આવી બેઠકોમાં કોરમ સહિત કામકાજના સંચાલન માટેની કાર્યરીતિના નિયમો બાબત;

(૩) કલમ ૨૯ની પેટા-કલમ (૫) હેઠળ બેઠકોમાં હાજરી આપવા માટેની ફી અને કાર્યનો નિકાલ કરવા માટે કરવાની મુલાકાતોના હેતુથી મુસાફરી, વાહનો અને રોકાણ માટેની સવલતો બાબત;

(૪) કલમ ૨૯ની પેટા-કલમ (૧૧) હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અધ્યેતાવૃત્તિઓની યોજના અનુસાર અધ્યેતાઓને ચુકવવાના પગાર, ભથ્થાં બાબત;

(૫) આ અધિનિયમથી અથવા તેની હેઠળ જોગવાઇ કરવી જરૂરી હોય તેવી અન્ય તમામ બાબતો.

## પ્રકરણ ૮

## પૂરક જોગવાઇઓ

૩૭. (૧) વિશ્વવિદ્યાલયે, રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી,- રાજ્ય સરકારની પૂર્વમંજૂરી બાબત.

(ક) વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક અથવા બિન-શૈક્ષણિક સ્ટાફના સભ્યની કોઇ જગા ઊભી કરી શકશે, અને તેમને પગાર અને ભથ્થાં આપી શકશે;

(ખ) મૂળભૂત રીતે જે હેતુ માટે ફંડ અલગ રાખવામાં આવ્યું હોય તે સિવાયનો હેતુફેર કરી શકશે; અને

(ગ) તેની માલિકીની કોઇ સ્થાવર મિલકત તબદીલ કરી શકશે.

(૨) વિશ્વવિદ્યાલયે,-

(૧) કોઇ સ્વનિર્ભર શૈક્ષણિક અભ્યાસક્રમ શરૂ કરવાના અને નિભાવવાના હેતુ માટે, અને

(૨) વિકાસ કાર્યોના હેતુ માટે,

વિશ્વવિદ્યાલય ફંડ અથવા કોઇ વિકાસ ફંડ સ્થાપેલું હોય તો, તેમાંથી ખર્ચ કરી શકશે અને આવા ખર્ચથી રાજ્ય સરકાર પર નાણાકીય જવાબદારી આવતી હોય તો રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી ખર્ચ કરી શકશે.

(૩) સ્ટેચ્યુટ, અધ્યાદેશો અને વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની ભરતી અને તેમની સેવાની શરતો માટે એકસમાન ધોરણ ઠરાવી શકશે.

રાજ્ય સરકારની આદેશો આપવાની સત્તા.

૩૮. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે વિશ્વવિદ્યાલય અથવા સંસ્થાનું કામકાજ વિશ્વવિદ્યાલયની સ્થાપનાના હેતુને અથવા તેના નાણા અથવા જાહેર હિતને હાનિકારક રીતે ચલાવવામાં આવે છે, તો રાજ્ય સરકાર, આ હેતુ માટે સમિતિ નીમીને વિશ્વવિદ્યાલય અથવા સંસ્થાની કામગીરીની સમગ્ર અને સંપૂર્ણ તપાસ કરાવી શકશે.

(૨) સમિતિએ, વિશ્વવિદ્યાલય અથવા સંસ્થાના કામકાજ અંગે લેવાના પગલાની સંબંધી ભલામણો અને ઉપર્યુકત રીતે ચલાવાતા કામકાજને નિવારવાના પગલાની ભલામણો ધરાવતો રિપોર્ટ એક મહિનામાં અથવા રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેટલી મુદતની અંદર રાજ્ય સરકારને કરવો જોઇશે.

(૩) રાજ્ય સરકારને એવો ખાતરી થાય કે સમિતિએ ભલામણ કર્યા મુજબના પગલા લેવા ઇચ્છનીય છે, તો તે, વિશ્વવિદ્યાલય અથવા સંસ્થાને આવા સંજોગોમાં જરૂરી હોય તેવા આદેશ કરી શકશે.

(૪) વિશ્વવિદ્યાલય અથવા કોલેજ અથવા સંસ્થા રાજ્ય સરકારના કોઇ આદેશનું પાલન કરવામાં ચૂક કરે તો, રાજ્ય સરકાર, આવી વિશ્વવિદ્યાલય અથવા સંસ્થાની ગ્રાન્ટ અટકાવી શકશે.

સ્થાયી સમિતિ.

૩૯. (૧) પ્રાધ્યાપકો, મહાનિયામક અથવા સહાયક મહાનિયામકની જગાઓ અથવા ઠરાવવામાં આવે તેવી બીજી જગાઓ માટેની પસંદગીના હેતુ માટે વિશ્વવિદ્યાલયને એક સ્થાયી સમિતિ રહેશે.

(૨) સ્થાયી સમિતિ નીચેના સભ્યોની બનશેઃ-

(ક) વિશ્વવિદ્યાલયના કુલાધિપતિએ નામનિયુકત કરવાના, ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના એક પૂર્વ ન્યાયાધીશ અથવા ગુજરાત હાઇકોર્ટના એક પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ અથવા ઉદ્યોગ અથવા વેપાર અથવા વ્યવસ્થાપનના એક નામાંકિત અગ્રણી;

(ખ) રાજ્ય સરકારે નામનિયુકત કરવાના, ગુજરાત સરકારનાનિવૃત્ત મુખ્ય સચિવ;

(ગ) રાજ્ય સરકારે નામનિયુકત કરવાના, ગુજરાતની યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ,

રાજ્ય સરકાર, તેમનામાંથી એકને સમિતિના અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) પ્રાધ્યાપકો, મહાનિયામક અથવા સહાયક મહાનિયામકની જગાઓ પર નિમણૂક માટેની પસંદગી માટે નીચેનાની બનેલી શોધ સમિતિ રહેશેઃ

(ક) કુલપતિ, હોદ્દાની રૂએ, અધ્યક્ષ; અને

(ખ) એકેડમિક કાઉન્સિલે નામનિયુકત કરવાના બે સભ્યો.

(૪) શોધ સમિતિએ સ્થાયી સમિતિ સમક્ષ ત્રણ યોગ્ય ઉમેદવારોના નામ તેમના બાયો-ડેટા સહિત રજૂ કરવા જોઇશે. સ્થાયી સમિતિ બાયો-ડેટાની ચકાસણી કરીને જરુર જણાય તો સંબંધિત ઉમેદવારોની રૂબરૂ મુલાકાત બાદ સંબંધિત જગા માટે સ્થાયી સમિતિ તે પૈકી એકની પસંદગી કરી શકશે અને સંબંધિત જગા પર નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી શકશે..

(૫) સમિતિના સભ્યોની બોલીઓ અને શરતો, સેવાની મુદત અને પગાર, ભથ્થાં, અનુલાભ અને બીજી સવલતો આ અધિનિયમથી અને તે હેઠળ ઠરાવવામાં આવે તેવી રહેશે.

૪૦. (૧) હોદ્દાની રૂએ હોય તે સિવાયના અધિકારીમંડળના સભ્ય પોતાની સહીથી કુલાધિપતિને લેખિતમાં સંબોધીને રાજીનામું આપી શકશે. કુલાધિપતિએ રાજીનામું સ્વીકાર્યે તે વ્યકિત સભ્ય હોતી બંધ થશે. સભ્યપદેથી રાજીનામુ અને પ્રાસંગિક ખાલી જગા ભરવા બાબત.

(૨) કોઇપણ અધિકારીમંડળમાં અથવા મંડળમાં નામનિયુકત થયેલી, નિમણૂક પામેલી અથવા કો-ઓપ્ટ થયેલી વ્યકિત અધિકારીમંડળ અથવા મંડળની પૂર્વમંજૂરી સિવાય ત્રણ સતત બેઠકોમાં ગેરહાજર રહે તો, તેણે, તેનો સભ્ય તરીકેનો હોદો ખાલી કર્યો હોવાનું ગણાશે અને તે સભ્ય હોતો બંધ થશે.

૪૧. આ અધિનિયમ અથવા વિનિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરેલ હોવાનું અભિપ્રેત હોય તેવા કોઇપણ કૃત્યના સંબંધમાં વિશ્વવિદ્યાલય, વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળ અથવા અધિકારીઓ વિરુધ્ધમાં કોઇ દાવો માંડી શકાશે નહિ અથવા બીજી કાનૂની કાર્યવાહી કરી શકાશે નહિ અથવા તેમની પાસેથી કશી નુકસાની માંગી શકાશે નહિ. ક્ષતિપૂર્તિ.

૪૨. વિશ્વવિદ્યાલયના તમામ અધિકારીઓ, અધિકારીમંડળો, સમિતિઓ અથવા મંડળોના સભ્યો, વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક સ્ટાફના સભ્યો અને વિશ્વવિદ્યાલયના બીજા કર્મચારીઓ આ અધિનિયમની કોઇપણ જોગવાઇઓ અનુસાર કાર્ય કરતાં હોય અથવા કાર્ય કરવાનું અભિપ્રેત હોય ત્યારે, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે. વિશ્વવિદ્યાલયના અધિકારીઓ, અધિકારીમંડળો, મંડળોના સભ્યો અને કર્મચારીઓ રાજયસેવકો ગણાશે.

સન ૧૮૬૦નો ૪૫મો.

૪૩. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. રાજય સરકારની નિયમો કરવાની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશેઃ-

(ક) કલમ ૧૩ની પેટા-કલમ (૩) હેઠળ કુલપતિનો પગાર, ભથ્થાં, મળતર અને સેવાની બીજી બોલીઓ અને શરતો;

(ખ) કલમ ૩૭ની પેટા-કલમ (૩) હેઠળ વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીગણની નિમણૂક અને સેવાની શરતો માટે પ્રમાણભૂત નિયમો ઠરાવવા;

(ગ) કલમ ૩૯ની પેટા-કલમ (૧) હેઠળ વિશ્વવિદ્યાલયની સ્થાયી સમિતિ પસંદગી કરે તેવી બીજી જગાઓ;

(ઘ) કલમ ૩૯ની પેટા-કલમ (૫) હેઠળ શોધ સમિતિના સભ્યોની બોલીઓ અને શરતો; તેમની સેવાની મુદત અને પગાર, ભથ્થાં, અનુલાભ અને બીજી સવલતો.

(૩) આ કલમ હેઠળ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછી ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે મૂકવામાં આવ્યા હોય તે દરમ્યાન અથવા તે પછીનાં તરતના સત્ર દરમ્યાન રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા તેમાં કોઇ ફેરફાર કરે તેને અધીન રહેશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૪૪. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અમલમાં લાવવામાં કોઇપણ મુશ્કેલી ઊભી થાય તો, રાજય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલી નિવારવાના હેતુ માટે જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદત પૂરી થયા બાદ આ કલમ હેઠળ આવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

## પ્રકરણ ૯

## વચગાળાની જોગવાઇઓ

પ્રથમ કુલપતિની નિમણૂક.

૪૫. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રથમ કુલપતિની નિમણૂક, આ અધિનિયમના આરંભ પછી, વ્યવહાર્ય હોય તેટલી જલદી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તે બોલીઓ અને શરતોએ કરશે.

પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક.

૪૬. કલમ ૧૬માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂક, આ અધિનિયમના આરંભ પછી, વ્યવહાર્ય હોય તેટલી જલદી, વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને પોતાને યોગ્ય લાગે તે શરતોએ કરશે.

૪૭. (૧) પ્રથમ કુલપતિની ફરજ નીચે પ્રમાણે રહેશે:- પ્રથમ કુલપતિની વચગાળાની સત્તા

(ક) કોઇ સંસ્થાઓ હોય તો તેને, શકય હોય ત્યાં સુધી, આ અધિનિયમની જોગવાઇઓને સુસંગત રહીને, માન્ય કરવી; અને

(ખ) પોતાની નિમણૂકની તારીખથી છ મહિનાની મુદતની અંદર અથવા રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી ફરમાવે તેવી એક વર્ષથી વધુ ન હોય તેટલી મુદતની અંદર જનરલ કાઉન્સિલ,એકિઝકયુટિવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલ અને વિશ્વવિદ્યાલયના બીજા અધિકારીમંડળ રચવા માટેની ગોઠવણ કરવી.

(૨) પ્રથમ કુલપતિ, રાજય સરકારે આ કલમના હેતુઓ માટે નામનિયુક્ત કરેલ વધુમાં વધુ પંદર જેટલા સભ્યોની બનેલી સંલાહકાર સમિતિની મદદથી,-

(ક) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને,-

(૧) ઉપર્યુકત અધિકારીમંડળો રચવા અને તેમની બેઠકોમાંની કાર્યરીતિનું નિયમન કરવા અને તેમનું કામકાજ ચલાવવા માટે જરૂરી કામચલાઉ સ્ટેચ્યુટ કરશે,

(૨) ઉપર્યુકત અધિકારીમંડળોની રચનાની પધ્ધતિનું નિયમન કરવા માટે જરૂરી હોય તેવા નિયમો ઘડી કાઢશે.

(ખ) આ અધિનિયમ હેઠળ પ્રથમ સ્ટેચ્યુટ, અધ્યાદેશો અને વિનિયમો ઘડશે અને સંબંધિત અધિકારીમંડળો પોતાના કાર્યો બજાવવાનું શરૂ કરે, ત્યારે બહાલી માટે તેમને તે સાદર કરશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ રચાયેલા અધિકારીમંડળો, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી આદેશ કરે તે તારીખે અથવા તારીખોએ પોતાના કાર્યો બજાવવાની શરૂઆત કરશે.

(૪) પ્રથમ કુલપતિએ ઘડેલા સ્ટેચ્યુટ, અધ્યાદેશો અને વિનિયમોને, સંબંધિત અધિકારીમંડળો બહાલી આપે ત્યારે તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.

૪૮. કલમ ૪૫ હેઠળ નિમાયેલા પ્રથમ કુલપતિની, એકિઝકયુટિવ કાઉન્સિલ પોતાના કાર્યો બજાવવાનું શરૂ કરે નહિ ત્યાં સુધી નીચેની સત્તા રહેશે:- પ્રથમ કુલપતિની અસાધારણ સત્તા.

(ક) પ્રથમ સ્ટેચ્યુટમાં જોગવાઇ નહિ કરવામાં આવેલી કોઇપણ બાબતની જોગવાઇ કરવા માટે, કુલાધિપતિની પૂર્વમંજૂરીથી વધારાના સ્ટેચ્યુટ કરવા;

(ખ) કામચલાઉ અધિકારીમંડળો અને મંડળો રચવા અને તેમની ભલામણો ઉપરથી વિશ્વવિદ્યાલયના કાર્યના સંચાલન માટે જોગવાઇ કરતા નિયમો કરવા;

(ગ) રાજય સરકારના નિયંત્રણને અધીન રહીને, આ અધિનિયમ અથવા તેના કોઇ ભાગને અમલમાં મૂકવા જરૂરી હોય તેવી નાણાકીય વ્યવસ્થા કરવી;

(ઘ) આ અધિનિયમ અથવા તેનો કોઇ ભાગ અમલમાં લાવી શકાય તે માટે જરૂરી હોય તેવી નિમણૂકો કુલાધિપતિની મંજૂરીથી વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે કરવી;

(ચ) તે આદેશ કરે તેવા પોતાના કાર્યો બજાવવા માટે, પોતાને યોગ્ય લાગે તેવી કોઇ સમિતિ નીમવી;

અને

(છ) સામાન્યતઃ આ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સોંપેલી અથવા તે પૈકીની સત્તા વાપરવી.

વિશ્વવિદ્યાલયના પ્રથમ અધિકારીઓની નિમણૂક.

૪૯. (૧) આ અધિનિયમના આરંભ પછી, કોઇપણ સમયે, વિશ્વવિદ્યાલયના અધિકારીમંડળો, પોતાના કાર્યો બજાવવાની શરૂઆત ન કરે તે સમય સુધી-

(ક) કુલપતિ, રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને, વિશ્વવિદ્યાલયના કોઇ અધિકારીને નીમી શકશે,

(ખ) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની રચના કરવામાં ન આવે ત્યાં સુધી, નીચેની વ્યક્તિઓની બનેલી પસંદગી સમિતિની ભલામણ ઉપરથી, રાજ્ય સરકારની મંજૂરીથી, કલમ ૪૭ની પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલી સલાહકાર સમિતિ, વિશ્વવિદ્યાલયના અધ્યાપકોની નિમણૂક કરી શકશેઃ-

(૧) કુલપતિ,

(૨) કુલાધિપતિની નામાનિયુક્ત વ્યક્તિ,

(૩) સલાહકાર સમિતિએ નક્કી કરેલા વિશેષજ્ઞોની પેનલમાંથી નીમવાના ત્રણ વિશેષજ્ઞો.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલી કોઇ નિમણૂક, નિમણૂક કરનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તેવી વધુમાં વધુ ત્રણ વર્ષની મુદત માટે અને તેવી બોલીઓ અને શરતોએ કરવામાં આવશેઃ

પરંતુ આવી કોઇ નિમણૂક, તે માટે નાણાકીય જોગવાઇ કરવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહિ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.